


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 109
Dt.: 29-12-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૫ની ઉપલબ્ધિઓ ગણાવી કહ્યું

# ભારત નવી આશાઓ અને નવા સંકલ્પો સાથે આગળ વધવા તૈયાર

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત'ના ૧૨૯મા એપિસોડ દ્વારા દેશને સંબોધિત કર્યો હતોઃ આ એપિસોડ વર્ષ ૨૦૨૫નો છેલ્લો મન કી બાત કાર્યક્રમ હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત'ના ૧૨૯મા એપિસોડ દ્વારા દેશને સંબોધિત કર્યો. આ એપિસોડ વર્ષ ૨૦૨૫નો છેલ્લો મન કી બાત કાર્યક્રમ હતો. પોતાના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત નવી આશાઓ અને નવા સંકલ્પો સાથે આગળ વધવા તૈયાર છે. તેમણે ઉમેર્યું કે, ૨૦૨૫ વર્ષ ભારત માટે સિદ્ધિઓ, આત્મવિશ્વાસ અને ગૌરવથી ભરેલું રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ૨૦૨૫માં ભારતની આસ્થા, સંસ્કૃતિ અને અનોખા વારસાએ દુનિયાનું ધ્યાન ખેંચ્યું. વર્ષની શરૂઆતમાં પ્રયાગરાજ મહાકુંભના ભવ્ય આયોજનથી સમગ્ર વિશ્વ અચંબિત થયું, જ્યારે વર્ષના અંતે અયોધ્યાના રામ મંદિર પર ધ્વજારોહણની વિધિએ દરેક ભારતીયને ગૌરવની લાગણી અપાવી. તેમણે જણાવ્યું કે, આ ઘટનાઓએ ભારતની સાંસ્કૃતિક શક્તિ દુનિયા સામે રજૂ કરી. વડાપ્રધાને જણાવ્યું કે, ૨૦૨૫માં સ્વદેશી પ્રોડક્ટ્સ માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. લોકો હવે ભારતીય શ્રમ અને કૌશલ્યથી બનેલા સામાનને પ્રાથમિકતા આપી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે ગર્વપૂર્વક કહી શકાય કે 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ની ભાવનાએ દેશને વધુ આત્મવિશ્વાસ આપ્યો છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ૨૦૨૫ વિજ્ઞાન (સાયન્સ) અને અંતરિક્ષ (સ્પેસ) ક્ષેત્રે પણ ભારત માટે ઐતિહાસિક સાબિત થયું. શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પહોંચનાર પ્રથમ ભારતીય બન્યા. સાથે જ પર્યાવરણ સુરક્ષા અને વન્યજીવન સંવર્ધન (વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન) સાથે જોડાયેલી પહેલોએ પણ વર્ષ ૨૦૨૫ને ખાસ બનાવ્યું. તેમણે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, આજે ભારતમાં ચીતાઓની સંખ્યા ૩૦થી વધુ થઈ ગઈ છે. મન કી બાત કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો. તેમણે



જણાવ્યું કે, ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતી, જ્યારે મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો. મહિલા બ્લાઈન્ડ T20 વર્લ્ડ કપમાં ભારતની દીકરીઓએ ઈતિહાસ રચ્યો. ઉપરાંત, પેરા એથલિટ્સે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં અનેક મેડલ જીતીને સાબિત કર્યું કે મજબૂત ઈરાદા સામે કોઈ અડચણ મોટી નથી. વડાપ્રધાન મોદીએ 'ઓપરેશન સિંદૂર'ને ૨૦૨૫ની સૌથી ગૌરવભરી સિદ્ધિઓમાંની એક ગણાવી. તેમણે કહ્યું કે આ ઓપરેશન દરેક ભારતીય માટે ગૌરવનું પ્રતીક બન્યું છે. દુનિયાએ સ્પષ્ટ રીતે જોઈ લીધું કે આજનું ભારત પોતાની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરતું નથી. ઓપરેશન સિંદૂર દરમિયાન દુનિયાના દરેક ખૂણામાંથી ભારત માતા પ્રત્યે પ્રેમ અને સમર્પણની ભાવના જોવા મળી, આ જ ભાવના 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર પણ દેખાઈ. પોતાના સંબોધનમાં, પીએમ મોદીએ કહ્યું કે, ઉત્તરપૂર્વ (નોર્થ ઈસ્ટ)ના એક યુવાને જૂની કહેવત જહાં ચાહ, વહાં રાહને સાર્થક કરી બતાવી છે. તેમણે મણિપુરના એક યુવાન મોઈરંગથેમ સેઠનો ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ કહ્યું, "તેમની ઉંમર ૪૦ વર્ષથી ઓછી છે. મણિપુરના જે વિસ્તામાં મોઈરંગથેમ રહેતા હતા, ત્યાં વીજળીની મોટી સમસ્યા હતી. આ પડકારનો સામનો કરવા માટે, તેમણે લોકલ સોલ્યુશન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમને ઉકેલ મળી ગયો, આ ઉકેલ સૌર ઊર્જા હતો. આપને જણાવી દઈએ કે સરકાર પણ સોલાર પાવર પર ૮૦ હજારની સબસિડી આપી રહી છે. મન કી બાતમાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "આ વર્ષે, વારાણસીમાં કાશી તમિલ સનાગમમ દરમિયાન, તમિલ શીખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તમિલ શીખો - તમિલ કરકલમ થીમ હેઠળ, વારાણસીની ૫૦થી વધુ શાળાઓમાં ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તમિલ વિશ્વની સૌથી જૂની ભાષા છે. મને ખુશી છે કે આજે, દેશના અન્ય ભાગોમાં પણ યુવાનો અને બાળકોમાં તમિલ ભાષા પ્રત્યે એક નવું આકર્ષણ જોવા મળી રહ્યું છે. આ ભાષાની શક્તિ છે. આ ભારતની એકતા છે."

### એજન્સીના એલર્ટ બાદ ભારતીય સેનાનું ઓપરેશન શરૂ

# જમ્મુ કાશ્મીરમાં ૩૦-૩૫ આતંકવાદીઓ એક્ટિવ!

### ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આ વિસ્તારોમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની જાણકારી સેના સાથે શેર કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-કાશ્મીરના ડોડા અને કિશ્તવાડ વિસ્તારોમાં ૩૦-૩૫ પાકિસ્તાની આતંકવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળતાં ભારતીય સેના એલર્ટ થઈ ગઈ છે. ભારતીય સેનાએ બરફીલા વિસ્તારોમાં આતંકવાદીઓ સામે મોટાપાયે ઓપરેશન શરૂ કર્યું છે. ઈન્ટેલિજન્સ એજન્સીઓએ આ વિસ્તારોમાં આતંકવાદીઓ છુપાયેલા હોવાની જાણકારી સેના સાથે શેર કરી છે. મળતી માહિતી મુજબ, શિયાળાની ઋતુમાં આતંકી ઘટનાઓ ઓછી જોવા મળે છે. પરંતુ આ વખતે સેના પોતાની રણનીતિમાં ફેરફાર કરીને શિયાળાની સિઝનમાં પણ ઓપરેશન હાથ ધર્યું છે. આ માટે સેનાની સાથે-સાથે જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPFની પણ મદદ લેવામાં આવી છે. ચિલાઈ કલાનની શિયાળાની કાતિલ ઠંડીની વચ્ચે આતંકવાદીઓ ડોડા અને કિશ્તવાડના ઊંચાઈ વાળા વિસ્તારોમાં છુપાવવા પહોંચી ગયા છે. તેવામાં કાઉન્ટર-ટેરિરિઝમ ઓપરેશન માટે ભારતીય સેનાના રાષ્ટ્રીય રાઈફલ્સ (RR)ની યુનિટને આ ઊંચાઈ અને ખતરનાક વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે. આ યુનિટને ડ્રોન અને થર્મલ ઈમેજિંગ સાધનોથી સજ્જ છે. જમ્મુ-કાશ્મીરની ચિલાઈ કલાન ઋતુમાં હાડ ધ્રુજાવતી ઠંડી પડે છે. આ સમયગાળો સામાન્ય રીતે ૨૧ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી સુધી રહે છે. આ દરમિયાન ડોડા-કિશ્તવાડના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થાય છે, પરંતુ ભારતીય સેના વિન્ટર ઓપરેશન માટે સંપૂર્ણરીતે તૈયાર હોય છે.

ઉલ્લેખનીય છે કે, પહલગામ હત્યાકાંડને અંજામ આપનારા પાકિસ્તાની આતંકવાદીઓ પણ ડોડા અને કિશ્તવાડ થઈને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ પહોંચ્યા હતા. આ જ કારણ છે કે આ વખતે સેના કોઈ કસર છોડવા તૈયાર નથી.

અહેવાલો અનુસાર, આતંકવાદીઓની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખવા માટે સેનાએ ડોડા અને કિશ્તવાડના બરફથી ઢંકાયેલા વિસ્તારોમાં કામચલાઉ બેઝ અને સર્વિલન્સ પોસ્ટ તૈયાર કરી છે. ભારતીય સેનાએ આતંકવાદી હિલચાલ અને છુપાયેલા સ્થળોને ઓળખવા માટે બહુવિધ એજન્સીઓ પાસેથી એકત્રિત કરવામાં આવેલી ગુપ્ત માહિતીનું કાળજીપૂર્વક વિશ્લેષણ કર્યું છે. ભારતીય સેના પોલીસ અને CRPF સાથે મળીને આતંકવાદીઓને ખતમ કરવા માટે સચોટ માહિતીની રાહ જોઈ રહી છે. ભારતીય સેના ઓવરલેપ ટાળવા અને આતંકવાદીઓ સામે વ્યાપક હુમલો કરવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધરવાનો પ્રયાસ કરી રહી છે.

# બિહારમાં ટ્રેન દુર્ઘટનાઃ જમુઈમાં માલગાડીના ૩ ડબ્બા નદીમાં ખાબક્યાં

### બે ડબ્બા પુલ પર જ લટકતા રહી ગયા : આ દુર્ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો





(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

પૂર્વ રેલવેના આસનસોલ રેલ મંડળ હેઠળ આવેલા જસીડીહ–ઝાઝા રેલખંડ પર શનિવારે (૨૭ ડિસેમ્બર) મોડી રાત્રે એક ભયાનક ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી.

આ દુર્ઘટના જમુઈ જિલ્લામાં સ્થિત સિમુલતલા વિસ્તારમાં ટેલવા બજાર હોલ્ટ નજીક બડુઆ નદીના પુલ નંબર ૬૭૬ પાસે સર્જાઈ હતી. જેમાં સિમેન્ટથી ભરેલી એક માલગાડીના અનેક ડબ્બા પાટા પરથી ઉતરીને સીધા નદીમાં પડી ગયા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના રાત્રે અંદાજે ૧૧:૩૦ વાગ્યે બની હતી. અપ લાઈન પરથી પસાર થઈ રહેલી માલગાડી જ્યારે પુલ પાસે પહોંચી, ત્યારે અચાનક પાટા ઉખડી ગયા. પરિણામે માલગાડીના ત્રણ ડબ્બા સીધા બડુઆ નદીમાં ખાબકી ગયા, જ્યારે બે ડબ્બા પુલ પર જ લટકતા રહી ગયા. આ ઉપરાંત, છથી વધુ ડબ્બા પાટા પરથી ઉતરીને એકબીજા પર ચઢી ગયા.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઓફ લાઈનનો પાટો પણ ઉખડીને ડાઉન લાઈન તરફ વળી ગયો. જેના કારણે જસીડીહ–ઝાઝા રેલખંડ પર અપ અને ડાઉન બંને લાઈન પર ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો. અનેક પેસેન્જર અને માલગાડીઓને રસ્તામાં જ અટકાવી દેવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે.

દુર્ઘટનાના કારણે આ મહત્વપૂર્ણ રેલ માર્ગ પર ટ્રેન વ્યવહાર ભારે રીતે અસરગ્રસ્ત થયો છે. મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ હાલ પરિસ્થિતિ ગંભીર બની છે. અકસ્માતની જાણ થતા જ આરપીએફ, રેલવે પોલીસ અને ટેક્નિકલ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ભારે ક્રેન અને મશીનરીની મદદથી ડબ્બાને હટાવવાની કામગીરી ચાલી રહી છે. રેલ અધિકારીઓનું કહેવું છે કે, શક્ય તેટલી વહેલી તકે પાટા ક્લિયર કરીને ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવો તેમની પ્રથમ પ્રાથમિકતા છે. આ ભીષણ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, જે એક મોટી રાહતની વાત છે. રેલવે પ્રશાસન દ્વારા અકસ્માતના કારણોની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પ્રાથમિક રીતે પાટાની ટેક્નિકલ ખામી અથવા માલગાડી પર વધુ ભાર હોવાની શક્યતા વ્યકત કરવામાં આવી છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ દુર્ઘટનાનું સાચું કારણ સ્પષ્ટ થશે.

### જૂના વીજ પ્લાન્ટ ફરી ચાલુ કરવા પડશે

# એઆઈ ૯૪૫ ટેરાવોટઅવર વીજળી વાપરશે, વર્ષે ૧૫ ટકા વપરાશ વધશે

### એઆઈએ ઉર્જા વાપરવામાં પણ સ્માર્ટ બનવું પડશે, ઘણાં દેશમાં એઆઈ ઉર્જા નીતિનો હિસ્સો ગણાવા માંડયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયાભરમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ-એઆઈ એજન્ટ્સ-દ્વારા કામ કરાવવાનો મોહ વધતો જાય છે તેની પાછળ વીજળી પણ મોટાં પ્રમાણમાં વપરાય છે. જેને કારણે સંજોગો એવા સર્જાયા છે કે વીજળીની ખપતના મામલે એઆઈની ગણતરી હવે એક દેશની જેમ કરવામાં આવે છે. હકીકત તો એ છે કે ઘણાં દેશના વીજવપરાશ કરતાં એઆઈનો વીજ વપરાશ અનેકગણો વધી ચૂક્યો છે અને યુરોપ અને યુએસમાં તો એઆઈ દ્વારા વીજ પુરવઠાની માંગને પહોંચી વળવા માટે વીજ કંપનીઓને જુના વીજ પ્લાન્ટ ફરી શરૂ કરવાની નોબત આવી છે.





ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી યાને આઈઈએના અંદાજ અનુસાર ૨૦૩૦ સુધીમાં એઆઈ અને તેને સંલગ્ન ડેટા સેન્ટર્સ દ્વારા વીજ વપરાશ ૯૪૫ ટેરાવોટ અવર સુધી પહોંચી જશે.હાલ નોર્વે જેવા દેશ વર્ષે ૧૩૦થી ૧૪૦ ટેરાવોટ અવર વીજળીનો વપરાશ કરે છે. જ્યારે પોર્ટુગલ ૫૦ અને ન્યુ ઝીલેન્ડ ૪૫ ટેરાવોટ અવર વીજળીનો વપરાશ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો એઆઈને જો દેશ ગણીએ તો તે વીજ વપરાશને મામલે ઘણાં દેશોથી આગળ નીકળી જશે. નોર્વે જેવા દેશમાં પુરી વસ્તી, ઉદ્યોગ અને પરિવહન પાછળ વપરાતી કુલ વીજળી કરતાં ભવિષ્યમાં માત્ર એઆઈ અનેકગણી વધારે વીજળી વાપરશે.

એઆઈ ચલાવવા માટે વિશાળ ડેટા સેન્ટર્સની જરૂર પડે છે. જેમાં લાખો સર્વરચોવીસે કલાક ચાલે છે. આમ, જ્યારે તમે એઆઈને કોઈ સવાલ કરો ત્યારે સર્વર સક્રિય બને છે અને આ સર્વર જેટલું કામ કરે તેટલી ઝડપથી તે ગરમ થાય છે. આ સર્વરને પણ ઠંડા રાખવા માટે મોટા પ્રમાણમાં વીજળીની જરૂર પડે છે. આજ કારણે એઆઈનો વપરાશ વધવા સાથે વીજળીની માંગ પણ સતત વધી રહી છે. આઈઈએના અંદાજ અનુસાર ૨૦૨૪થી ૨૦૩૦ દરમ્યાન આ એઆઈ ડેટા સેન્ટર્સમાં વીજળીનો વપરાશ દર વર્ષે ૧૫ ટકાના દરે વધશે. અન્ય કોઈપણ સેકટર કરતાં વીજવપરાશની આ ગતિ અનેકગણી વધારે છે. આજકાલ ડેટા સેન્ટર્સનો ઉપયોગ એઆઈ મોડલ્સ ચલાવવા માટે થાય છે. સંશોધન અનુસાર હાલ ડેટા સેન્ટર્સની કુલ વીજ ખપતનો એક મોટો હિસ્સો એઆઈ સર્વર્સમાં જાય છે. આગામી વર્ષોમાં આ હિસ્સો ઝડપથી વધતો જશે. તેમ તેમાં વપરાતી વીજનું પ્રમાણ પણ વધતું જશે. નવા એઆઈ ડેટા સેન્ટર્સની વીજ માંગ વધવાને કારણે યુએસ અને યુરોપમાં ઘણી જગ્યાએ વીજકંપનીઓને તેમના જુના વીજપ્લાન્ટ ફરી શરૂ કરવાની નોબત આવી છે. યુએસના ઘણાં રાજ્યોમાં ગ્રીડ પણ દબાણ એટલું વધી ગયું છે કે નવી ફેકટરીઓ અને હાઉસિંગ પ્રોજેક્ટને વીજજોડાણો આપવામાં મુશ્કેલી પડી રહી છે.

સૌથી મોટો સવાલ એ છે કે આટલા મોટા પ્રમાણમાં વીજળી આવશે ક્યાંથી? જો આ વીજળી કોલસો કે ગેસ વાપરી મેળવવામાં આવશે તો કાર્બન ઉત્સર્જન વધશે જેના કારણે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ઓર વકરશે. જો આ વીજળી રિન્યુએબલ સોર્સમાંથી મેળવવામાં આવશે તો તેના માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટું મૂડીરોકાણ કરવું પડશે.





# ઉત્તરાખંડ સરકારનો વિચિત્ર નિર્ણયઃ પ્રોફેસરોને રખડતાં શ્વાન ગણવાની જવાબદારી સોંપી

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

ઉત્તરાખંડમાં શિક્ષણવિદો માટે સરકારનો એક નવો આદેશ ચર્ચા અને વિવાદનું કેન્દ્ર બન્યો છે. રાજ્યની ડિગ્રી કોલેજોના આચાર્યો અને પ્રોફેસરો, જેમનું કામ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવાનું છે, તેમને હવે રખડતા શ્વાનની ગણતરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિર્ણયને પગલે પ્રોફેસરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને તેને શિક્ષણ જગતનું અપમાન ગણાવવામાં આવી રહ્યું છે.

ઉચ્ચ શિક્ષણના સંયુક્ત નિયામક દ્વારા ૨૩મી ડિસેમ્બરે જાહેર કરાયેલા આદેશ અનુસાર, રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોના આચાર્યોને 'નોડલ અધિકારી' બનાવવામાં આવ્યા છે. યુનિવર્સિટી સ્તરે આ જવાબદારી રજિસ્ટ્રારને સોંપવામાં આવી છે. તેમણે પોતાની સંસ્થાની આસપાસના વિસ્તારમાં રખડતા શ્વાનની ગણતરી કરવાની રહેશે. શ્વાનના પુનર્વસન માટે શું પગલાં લેવાયા છે તેનો રિપોર્ટ સ્થાનિક વહીવટીતંત્રને સોંપવાનો રહેશે.સુપ્રીમ કોર્ટ દ્વારા રખડતા શ્વાનને નિયંત્રિત કરવા માટે અપાયેલા નિર્દેશોના પાલન રૂપે ઉત્તરાખંડ સરકાર આ અભિયાન ચલાવી રહી છે.

## તંત્રી લેખ......

### દેશમાં શ્વાસ સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ

છેલ્લા કેટલાક સમયથી મોટાભાગનું ઉત્તર ભારત વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવેલું છે. દિલ્હી એનસીઆરની હવા જાણે ઝેરી બની ગઈ છે અને હવાની ગુણવત્તાના સ્તરમાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ઠંડીમાં પારો ગગડતા સ્થિતિ વધુ કથળી છે. વિશેષજ્ઞોએ પણ હવે તો આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું કહેવું છે કે કોવિડ ૧૯ મહામારી બાદ વાયુ પ્રદૂષણ ભારત માટે સૌથી મોટું સ્વાસ્થ્ય સંકટ છે. બ્રિટનમાં રહેતા ભારતીય મૂળના શ્વસન રોગના વિશેષજ્ઞ ચેતવણી ઉચ્ચારી છે કે જો તરત નક્કર પગલાં નહીં ભરવામાં આવે તો સ્થિતિ બગડતી જશે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે દેશમાં શ્વસન સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ ધીરે ધીરે વિકરાળ સ્વરૂપ લઈ રહ્યું છે. આ સંકટની ગંભીરતા હાલ ન તો મોટા પાયે ધ્યાનમાં આવી રહી છે કે ન તો તેના સમાધાન માટે પુરતા પગલાં ભરાઈ રહ્યા છે. બ્રિટનમાં કાર્યરત અનેક વરિષ્ઠ ડોક્ટરોએ પીટીઆઈ-ભાષાને કહ્યું કે, શ્વાસ સંબંધિત બીમારીઓનું આ છૂપું સંકટ ધીરે ધીરે ગંભીર સ્વરૂપ લઈ રહ્યું છે અને આવનારી લહેર ભારતના લોકો અને દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થા પર ઊંડી અને લાંબા ગાળાની અસર નાખી શકે છે. વિશેષજ્ઞોએ એમ પણ કહ્યું કે છેલ્લા દાયકામાં વિશ્વભરમાં હૃદયરોગના કેસોમાં વધારો માત્ર મોટાપાના કારણે નથી થયો પરંતુ તેનું મુખ્ય કારણ કારો અને વિમાનો સહિત શહેરી પરિવહનથી થતું ઝેરી ઉત્સર્જન છે. આ સમસ્યા ભારત, બ્રિટન અને અન્ય દેશોના શહેરોમાં ખાસ કરીને ગંભીર છે. લિવરપુલના સલાહકાર શ્વસન રોગ વિસેષજ્ઞ અને ભારતની કોવિડ ૧૯ સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય મનિષ ગૌતમ કહે છે કે, ભાર સરકારનું વાયુ પ્રદૂષણ પર ફરી ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. પરંતુ કડવી સચ્ચાઈ એ પણ છે કે ઉત્તર ભારતમાં રહેતા લાખો લોકો માટે નુકસાન પહેલેથી થઈ ચૂક્યું છે. હાલમાં જે પગલાં ભરાઈ રહ્યા છે તે ખુબ ઓછા છે. શ્વાસ સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ ધીરે ધીરે આપણી સામે વધી રહ્યું છે. તેમણે ચેતવણી આપી કે વર્ષો સુધી પ્રદૂષણની પક્કડમાં રહેવાના કારણે ફેફસાના સ્વાસ્થ્ય પર અસર ધીરે ધીરે સામે આવી રહી છે. તેમણે નીતિ બનાવનારાઓને અપીલ કરી છે કે તેઓ શ્વાસ સંબંધિત બીમારીઓની સમયસર ભાળ મેળવીને તેમના સારવાર પર ધ્યાન આપે અને ઝડપથી કામ કરનારા એક કાર્યદળની સ્થાપના પર વિચાર કરે.

ડોકટરોના જણાવ્યાં મુજબ ડિસેમ્બરમાં ફક્ત દિલ્હીની હોસ્પિટલોમાં જ શ્વાસ સંબંધિત પરેશાનીઓ સામે ઝઝૂમી રહેલા દર્દીઓની સંખ્યામાં ૨૦થી ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો. જેમાંથી અનેક દર્દીઓ એવા હતી જે પહેલીવાર આ બીમારીથી પીડાયા હતા અને યુવા હતા. બ્રિટનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવામાં ૨૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતા ગૌતમે કહ્યું કે પ્રદૂષણ નિયંત્રણ અને રોકથામના ઉપાય તો મહત્વપૂર્ણ છે જ પરંતુ હવે ફક્ત આ ઉપાયોથી કામ નહીં ચાલે. ભારતે પહેલા પણ એ ઉદાહરણ રજૂ કર્યું છે કે મોટા પાયે સ્વાસ્થ્ય સંબંધિત કાર્યક્રમ ચલાવવો શક્ય છે. સરકારના ઉપાયોએ ઝડપથી નિદાન અને સુનિયોજિત ઉપચાર કાર્યક્રમોના માધ્યમથી ક્ષય રોગની અસરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.

હવે શ્વસન રોગો માટે પણ આ પ્રકારની તત્પરતા અને મોટા પાયે પગલાં ભરવાની જરૂર છે. બીજી બાજુ લંડનના સેન્ટ જ્યોર્જ યુનિવર્સિટી હોસ્પિટલના માનદ હૃદય રોગ વિશેષજ્ઞ રાજય નારાયણના જણાવ્યાં મુજબ વાયુ પ્રદૂષણ અને હૃદય, શ્વસન, તંત્રિકા સંબધિત અનેક પ્રકારની બીમારીઓ વચ્ચે ઘણા બધા વૈજ્ઞાનિક પ્રમાણ હાજર છે. તેમણે કહ્યું કે જો તેને સમયસર ઉકેલવામાં નહીં આવે તો આ સ્વાસ્થ્ય અને આર્થિક બોજ બંનેને વધારશે. નારાયણે કહ્યું કે, માથાનો દુખાવો, થાક, સામાન્ય ઉધરસ, ગળામાં ખરાશ, પાચન સંબંધિત મુશ્કેલીઓ, આંખો સૂકી થવી, ત્વચા પર ચકામા અને વારંવાર થનારા સંક્રમણ જેવા શરૂઆતી લક્ષણો હંમેશા મામૂલી સમજીને અવગણવામાં આવે છે. પરંતુ તે ગંભીર લાંબાગાળાની બીમારીની શરૂઆતની ચેતવણીના સંકેત હોઈ શકે છે.

# દેશમાં હોલિસ્ટિક વ્યૂ સાથે હેલ્થ ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે: કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ

### ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના નવા વરાયેલા પદાધિકારીઓના શપથવિધિ સમારંભમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ




કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના નવા વરાયેલા પદાધિકારીઓનો શપથવિધિ સમારંભમાં અમદાવાદ ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનની શતાબ્દી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે દેશમાં હોલિસ્ટિક વ્યૂ સાથે હેલ્થ ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સ્વચ્છતા મિશન, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, ખેલો ઈન્ડિયા, યોગ દિવસની ઉજવણી, આયુષ્યમાન ભારત યોજના, આભા અને ઈન્દ્રધનુષ અભિયાન, જેનરિક દવાઓને પ્રોત્સાહન, ઉપરાંત ટેલિમેડિસીન, વિડિયો કોન્ફરન્સ દ્વારા માર્ગદર્શન વગેરે પ્રયાસો હાથ ધરાયા છે. દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. ૧,૬૫,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. દેશનું આરોગ્ય બજેટ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૩૭,૦૦૦ કરોડથી વધારીને આજે રૂ. ૧,૨૮,૦૦૦ કરાયું છે, જેનાથી આરોગ્ય ક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તનો જોવા મળી રહ્યાં છે, એવું તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવો હોય તો હેલ્ધી ડેમોગ્રાફી આવશ્યક છે અને આ બાબતે તબીબોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેવાની છે. તબીબોએ ઈલનેસને બદલે વેલનેસને પોતાનું ફોકસ બનાવવું જોઈએ, એવું તેમણે ઉમેર્યું હતું.

કોરોના કાળમાં દેશભરના તબીબોએ કરેલી સેવાઓને હૃદયપૂર્વક બિરદાવવાની સાથે સાથે કેન્દ્રીય મંત્રીશ્રીએ તબીબોને આયુષ્યમાન ભારત યોજના તથા જેનરિક દવાઓ બાબતે તબીબો દ્વારા સકારાત્મક માહોલ ઊભો કરવામાં આવે, એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે તબીબી ક્ષેત્રના એથિક્સનાં પરિમાણો પણ બદલવા જરૂરી બન્યું છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેએશ જેવી સંસ્થાઓએ મેડિકલ એથિક્સને રીડિફાઈન કરવા માટે પ્રયાસો કરવા જોઈએ. મેડિકલ કૉલેજોમાં ભાવી ડોક્ટરોનું એથિક્સની સમજ સાથે ઘડતર કરીને દેશને સારા ડૉક્ટરો મળે એ સુનિશ્ચિત કરવું જોઈએ, એવું તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ આઈએમએ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા આ એસોસિયેશન સાથે સંકળાયેલા તબીબો ટેલિમેડિસીન તેમજ વિડિયો કાઉન્સેલિંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાય, એવી અપીલ કરી હતી. એસોસિયેશન તબીબોની માગણીઓની રજૂઆત કરવાની સાથે સાથે દેશનું આરોગ્ય ક્ષેત્ર વધારે મજબૂત અને અભેદ્ય બને એ માટે પણ પ્રયાસો કરશે, એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

શ્રી અમિતભાઈએ નવા વરાયેલા રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. અનિલ નાયકને ઊર્જાવાન ગણાવીને તેમના થકી એસોસિયેશનને નવી ઊર્જા અને ગતિ પ્રાપ્ત થશે, એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં આરોગ્ય ક્ષેત્રે અદ્યતન સુવિધાઓ, હેલ્થકેર માટેની લેટેસ્ટ ટેકનોલોજી તથા અનેક મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસથી આરોગ્ય સેવાઓ વધારે સજ્જ બની છે. દેશમાં એઈમ્સ, મેડિકલ કૉલેજો તથા સુપરસ્પેશિયાલિટી હોસ્ટિપટલોની સંખ્યામાં ઝડપી વધારો થયો છે. ગુજરાત સરકારે પણ શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી અમિતભાઈના માર્ગદર્શનમાં આરોગ્ય અને મેડિકલ શિક્ષણ પર હંમેશાં ભાર મૂક્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈએ સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારે રાજ્યમાં માત્ર ૧૧૭૫ મેડિકલ સીટો હતી, આજે જિલ્લા દીઠ એક મેડિકલ કોલેજના આયોજનથી દર વર્ષે ૭૦૦૦ હજારથી વધુ ડૉક્ટરો મળતા થયા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતના મેડિકલ એજ્યુકેશન સેક્ટરમાં આમૂલ પરિવર્તનો આવી રહ્યાં છે, એવું જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમાં ૩૮૭ મેડિકલ કોલેજો હતી, તેમાં ૮૮ ટકા વધારો નોંધાતાં આજે મેડિકલ કૉલેજોની સંખ્યા ૭૩૧ થઈ ગઈ છે. આ ઉપરાંત એમબીબીએસની સીટોમાં ૧૧૮ ટકાનો વધારો થયો છે. ૨૦૧૪માં મેડિકલ સીટ ૫૧ હજાર હતી, જે આજે વધીને એક લાખ ૧૨ હજારને પાર કરી ગઈ છે. પીજી સીટોમાં ૧૩૩ ટકાના વધારા સાથે તેની સંખ્યા ૩૧ હજારમાંથી અત્યારે ૭૨ હજાર થઈ ગઈ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટેના ગુજરાતના પ્રયાસોની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે વિકસિત ગુજરાત એટ ૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપમાં વર્ષ ૨૦૨૪ સુધીમાં ૧૦૦ ટકા યુનિવર્સલ હેલ્થકેર કવરેજ, એનિમિયા અને કુપોષણ નાબૂદી જેવા લક્ષ્યો સાથે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે. સ્વસ્થ- વિકસિત ગુજરાતથી સશક્ત-સમૃદ્ધ વિકસિત ભારતના લક્ષ્યને પાર કરવામાં મેડિકલ ક્ષેત્ર પણ અગ્રેસર બની રહેશે, એવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું આ વર્ષે દેશભરમાં સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી તથા વંદે માતરમની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી સાથે ઑલ ઈન્ડિયા મેડિકલ કૉન્ફરન્સ અને એસોસિયેશનની શતાબ્દી પણ ઊજવાઈ રહી છે ત્યારે આપ સૌ માટે ડબલ બોનાન્ઝા જેવી આ ઉજવણી છે. એક શતાબ્દી કરતાં પણ વધારે લાંબા સમયથી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દેશના આરોગ્ય ક્ષેત્રને માર્ગદર્શન આપી રહ્યું છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન માત્ર એક વ્યાવસાયિક સંગઠન જ નહિ, પરંતુ રાષ્ટ્રના સ્વાસ્થ્ય સંરક્ષણનું પ્લેટફોર્મ બન્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આઈએમએ નેટકોન-૨૦૨૫ની થીમ અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ કોન્ફરન્સની થીમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ તથા કેન્દ્રી ગૃહ મંત્રી શ્રી અમિતભાઈના 'હેલ્થકેર એન્ડ વેલબિઈંગ ફોર ઓલ'ના વિચારને સુસંગત છે. સર્વિસ, સાયન્સ અને સીનર્જીની શતાબ્દીના ધ્યેયમંત્ર સાથે આપ સૌ ભેગા થયા છો, તે અભિનંદન પાત્ર છે. કૉન્ફરન્સમાં થનારા ચર્ચા-વિમર્શ દેશમાં આરોગ્ય સારવાર ક્ષેત્રને નવી દિશા આપશે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આઈએમએના નવા પ્રમુખ ડૉ. અનિલ નાયક અને તેમની ટીમન શુભેચ્છાઓ પાઠવી હતી અને નવી ટીમ 'નેશન ફર્સ્ટ, પેશન્ટ ફર્સ્ટ'ના ધ્યેય સાથે આગળ વધશે, એવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે આઈએમએના ચીફ પેટ્રન અને પૂર્વ પ્રમુખ શ્રી કેતન દેસાઈએ આ સંસ્થાની શતાબ્દી નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને આ સંસ્થા સંપૂર્ણપણે લોકતાંત્રિક રીતે અને સૌના સાથ-સહકારથી ચાલે છે, એવું જણાવ્યું હતું. ડૉ. દેસાઈએ દેશભરમાં હેલ્થ કેર સેક્ટરમાં આવી રહેલા રેડિકલ ટ્રાન્સફોર્મેશન અંગે વાત કરી હતી. તેમણે નવા વરાયેલા ડૉ. અનિલ નાયકના સંઘર્ષને બિરદાવીને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. અનિલ જે. નાયકે આઈએમએના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે શપથગ્રહણ કર્યા હતા અને પ્રથમ પ્રમુખીય પ્રવચનમાં સૌનો આભાર માનીને સરકાર પાસેની અપેક્ષાઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે '૧૦૦ સ્ટેપ્સ ફોર હેલ્ધી લાઈફ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર પણ એનાયત કરાયું હતું.

આ પ્રસંગે પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. દિલીપ ભાનુશાળી, સેક્રેટરી જનરલ સુશ્રી સર્વરી દત્તા, ડૉ. પીયૂષ જૈન, ડૉ. અનિલ પટેલ, ડૉ. મેહુલ શાહ સહિત એસોસિયેશનના વરિષ્ઠ પેટ્રન્સ, પદાધિકારીઓ અને સભ્ય તબીબો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આઈએમએ દ્વારા આયોજિત ત્રીદિવસીય નેશનલ કોન્ફરન્સમાં દેશભરના પાંચ હજારથી વધારે તબીબો સહભાગી થયા હતા.

### કાતિલ ઠંડીમાં પ્રવાસીઓની ભારે ભીડ

# માઉન્ટ આબુની હોટલોમાં ભાડુ સાતમા આસમાને

### હવે ૩૧ ડિસેમ્બર પણ નજીક છે, જેને લઈને મોટા પ્રમાણમાં પ્રવાસીઓ માઉન્ટ આબુ ફરવા માટે ગયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)માઉન્ટ આબુ

માઉન્ટ આબુમાં એકબાજુ કાતિલ ઠંડી પડી રહી છે અને બીજી તરફ મોટી સંખ્યામાં ગુજરાતીઓ ફરવા માટે જઈ રહ્યા છે. જેમાં આ ભીડ નાતાલ અને ૩૧ ડિસેમ્બરની ઉજવણીને લઈને અહીંયા જોવા મળી રહી છે.

ડિસેમ્બરના અંતિમ દિવસોમાં માઉન્ટ આબુનો નજારો કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે. ગુજરાતીઓ માટે પ્રવાસના આકર્ષણનું કેન્દ્ર માઉન્ટ આબુમાં હાલ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. જેને લઈને લોકો વધારે ત્યાં ફરવા માટે જઈ રહ્યા છે.

ઘણા બધા લોકો એવા છે કે જેઓ શનિ-રવિની રજાઓમાં માઉન્ટ આબુમાં ફરવા માટે જતા હોય છે. જોકે આ વખતે તો શનિ-રવિની રજાની સાથે હવે ૩૧ ડિસેમ્બર પણ નજીક છે. જેને લઈને મોટા પ્રમાણમાં પ્રવાસીઓ ત્યાં ફરવા માટે ગયા છે.

જોકે ફરવાની સાથે અહીંયા કાતિલ ઠંડીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારે અહીંયા કાર ઉપર બરફના થર જામેલા જોવા મળી રહ્યા છે. જોકે તેમ છતાં જાણે કે પ્રવાસીઓ આ કાતિલ ઠંડીની મોજ લઈ રહ્યા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.૨૫ ડિસેમ્બર નાતાલથી લોકોની ભીડ અહીંયા જોવા મળી રહી છે. લોકો મિત્રો અને પરિવાર સાથે મોટા પ્રમાણમાં અહીંયા ફરવા માટે આવી રહ્યા છે. જેને લઈને અહીંયાનો માહોલ અત્યારે કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે. લોકો પરિવાર અને મિત્રો સાથે અહીંયા મોજ કરતા નજરે પડી રહ્યા છે.મોટી સંખ્યામાં લોકોએ અહીંયા પહેલાથી હોટલોના રૂમ બુક કરાવી લીધા છે. સાથે જ જે પણ હોટલોના રૂમ ખાલી છે ત્યાં ભાડું ડબલ કરતા પણ વધારે છે. તેમ છતાં લોકો અહીંયા મોજથી ફરવા માટે આવી રહ્યા છે. ૨૦૨૫ના અંતની ઉજવણી તો જાણે માઉન્ટ આબુમાં જ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે સામાન્ય દિવસોમાં પણ ગુજરાતીઓ મોટી સંખ્યામાં આબુ ફરવા જતા હોય છે. આ સિવાય શનિ-રવિની રજાઓમાં પણ માઉન્ટ આબુનો પ્લાન લોકો કરતા હોય છે. જોકે હાલ ૩૧ ડિસેમ્બર અને નાતાલને લઈને મોટા પ્રમાણમાં માઉન્ટ આબુમાં પ્રવાસીઓની ભીડ જામેલી છે.

### પોલીસે સરઘસ કાઢી લાકડીથી ફટકાર્યા

# ભરત ચૌધરીની હત્યામાં આરોપીની જાહેરમાં સર્વિસ

### દોરડાથી બાંધી ૬ આરોપીનું રિકન્સ્ટ્રક્શન; ફાંસી આપો ફાંસી, ગુજરાત પોલીસ જિંદાબાદના નારા લાગ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

પાલનપુર અમદાવાદ હાઈવે પર ભરત ચૌધરી નામના યુવકની હત્યા કરાઈ હતી. પોલીસે પાલનપુરના એરોમાં સર્કલ પર ૬ આરોપીઓનો જાહેરમાં રીકંસ્ટ્રકશન કર્યું હતું. આરોપીઓને કડક સજા થવી જોઈએ. તેમજ ગુજરાત પોલીસ જિંદાબાદના નારા લાગ્યા હતા. આરોપીઓને જોતાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. પાલનપુર એરોમા સર્કલથી ખાનગી હોટલ પાસેના ઘટના સ્થળે લઈ જઈ પોલીસે રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું.

પાલનપુરના અમદાવાદ હાઈવે પર ૨૦ ડિસેમ્બરેના ખાનગી હોટલ પાસે પાર્લર પર ઉભેલા બે યુવકો ઉપર ૨૦થી ૨૫ જેટલા લોકોએ ધોકા અને તલવાર વડે હુમલો કરી દીધો હતો જેમાં પાલનપુર તાલુકાના ગાદલવાડા ગામના ભરતભાઈ ગણેશભાઈ ચૌધરીનું મૃત્યુ નિપજતાં અને એક યુવક ગંભીરરીતે ઘાયલ થતા પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે આરોપી ભાર્ગવ ઉર્ફે લાલો મંડોરા અને અન્ય ૨૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી હતી. જેને લઈને પોલીસે મુખ્ય આરોપી સહિત ૬ શખ્સોની અટકાયત કરી છે અને અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

૨૦ ડિસેમ્બરે પાલનપુર અમદાવાદ હાઈવે પર ખાનગી હોટલના પાર્લર નજીક ભરત ચૌધરી નામના યુવકની હત્યા થઈ હતી અને જે હત્યામાં સામેલ ૬ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. સમગ્ર ઘટના જોઈએ તો ૨૦ ડિસેમ્બરની રાત્રે મૃતક ભરત ચૌધરી અને નીતિન ચૌધરી આ બંને યુવકો પાલનપુર અમદાવાદ હાઈવે પર ઉભા હતા જ્યાં પાછળથી ૨૦ થી ૨૫ લોકોના ટોળાયા બંને યુવકો પર હુમલો કરી દીધો હતો. ધોકા અને તલવાર વડે હુમલો કરી દેતા ભરત ચૌધરી અને નીતિન ચૌધરીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યાં સારવાર દરમિયાન ભરત ચૌધરીનું મોત થયું હતું. જેને લઈને ચૌધરી સમાજ રોષે ભરાયો હતો અને મૃતકના પરિવારે મૃતકની લાશ લેવાનો ઈનકાર કર્યો હતો.

આખરે પોલીસે મુખ્ય આરોપી ભાર્ગવ માળી અને અન્ય ૨૪ લોકો સામે ફરિયાદ નોંધાતા મૃતકના પરિવારે લાશ સ્વીકારી હતી જોકે આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ કરતા પૈસાની લેવડદેવડનો મામલો સામે આવ્યો હતો જેમાં હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત નીતિન ચૌધરીને મુખ્ય આરોપી ભાર્ગવ માળી સાથે પૈસાની લેતી દેતી હતી અને આ પૈસાની લેતી દેતીમાં બબાલ થતા આરોપીઓએ નીતિન ચૌધરી અને તેની સાથે આવેલ ભરત ચૌધરી ઉપર તીક્ષ્ણ હથિયારો દ્વારા હુમલો કરતા ભરત ચૌધરીનું મોત નીપજ્યું હતું. જોકે ૨૦ ડિસેમ્બરે હથિયારો સાથે કરાયેલા હુમલામાં આ બંને યુવકોને જાનથી મારી નાંખવાના હેતુસર આ હુમલો કરાયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત નીતિન ચૌધરીની કારને પણ નુકસાન પહોંચાડાયું હતું. ત્યારબાદ આરોપીઓ ભરત ચૌધરીની હત્યા કરી અને ફરાર થઈ ગયા હતા.

### મહાસંમેલન અંતર્ગત નવા ભાજપ પ્રદેશ પ્રમુખ તથા રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીશ્રીઓનો અભિવાદન સમારંભ યોજાયો

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત મહાસંમેલન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તથા રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીશ્રીઓનો અભિવાદન સમારંભ યોજાયો હતો.

આ સમારંભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પટેલ સમાજ સેવા, સમર્પણ અને સહયોગ જેવા સિદ્ધાંતો પર ચાલે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ સૌનો વિકાસ'ના મંત્રને પટેલ સમાજે પચાવ્યો છે. સૌ સમાજો સાથે મળીને આગળ વધે તો કેટલી ઝડપે અને વ્યાપક સ્તરે વિકાસ થઈ શકે, એનું આગવું ઉદાહરણ આજની વિશાળ જનમેદની પૂરું પાડી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

પટેલ સમાજની સિદ્ધિઓ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પટેલ સમાજ માત્ર એક જ્ઞાતિ નહિ, મહેનત, સ્વાભિમાન અને રાષ્ટ્રનિર્માણનું પ્રતીક બનીને ઉભરેલો સમાજ છે. દેશમાં કે વિદેશમાં રહીને વિશ્વ સાથે સ્પર્ધા કેવી રીતે કરી શકાય, એ પટેલ પરિવારોએ શીખવ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલને ભાવાંજલિ આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણે સૌ લોહપુરુષ સરદાર સાહેબના વારસદારો છીએ. સરદાર પટેલ આપણા માટે માત્ર ઈતિહાસ-પુરુષ નહિ, પરંતુ સમાજસેવાથી રાષ્ટ્રસેવાની દિશા આપનારા પ્રેરણા-પુરુષ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સરદારસાહેબની વિચારધારાને આગળ વધારી છે અને જનજન સુધી વિસ્તારી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ પર્યાવરણ-મિત્ર ગ્રીન ગ્રોથ સાથેના વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ કર્યો છે ત્યારે આપણે સૌએ એક પેડ માં કે નામ, કેચ ધ રેન, સોલાર રુફ ટોપ જેવા




અભિયાનો સાથે જોડાવું જોઈએ. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે અહીં ઉપસ્થિત સૌ સમાજો, આગેવાનો અને નાગરિકોને સ્વદેશી અપનાવીને વોકલ ફોર લોકલ તેમજ લોકલ ફોર ગ્લોબલનો મંત્ર અપનાવવા મારો અનુરોધ છે, એવું ઉમેર્યું હતું.

ભાજપના નવા નિમાયેલા પ્રદેશ પ્રમુખ તથા રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીશ્રીઓનું અભિવાદન કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ સમાજના આગેવાનોનો આભાર માન્યો હતો.

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

ગુજરાતના સામાજિક ઉત્થાન અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પાટીદાર સમાજનના યોગદાનને અતુલનીય ગણાવતાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે રાજ્યમાં જ્યારે પણ કુદરતી આફત કે સંકટ આવ્યું છે, ત્યારે આ સમાજે પોતાના ધંધા-રોજગાર અને પરિવારની ચિંતા છોડીને 'સેવા એ જ પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કર્યું છે. રાહત સામગ્રી પહોંચાડવાથી લઈ રસોડા શરૂ કરવા સુધીની કામગીરીમાં સમાજના અગ્રણીઓ અને સ્વયંસેવકો હંમેશાં અગ્રેસર રહ્યા છે.

તેમણે કહ્યું કે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે છાત્રાલયો અને હોસ્પિટલોનું નિર્માણ કરીને જનસેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. પરંતુ બીજી તરફ, બાળકોના ભવિષ્ય માટે લોહી-પરસેવો એક કરનારાં માતા-પિતાને વૃદ્ધાવસ્થામાં વૃદ્ધાશ્રમમાં મોકલવાના બનાવોને દુ:ખદ ગણાવ્યા હતા. આ અંગે ઊંડી સંવેદના પણ વ્યક્ત કરી હતી.

આ સાથે જ ગૌરક્ષા અને કાયદો-વ્યવસ્થા અંગે વાત કરતા જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર ગૌહત્યા કરનારાઓ અને વ્યાજખોરીના નામે સામાન્ય જનતાને હેરાન કરતા ગુંડા તત્ત્વો સામે કડક હાથે કામ લઈ રહી છે. ગુજરાત આજે ગૌહત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે, જે સુરક્ષિત ગુજરાતની પ્રતીતિ કરાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ઉપરાંત કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિક વેકરિયા, નાણાં અને નશાબંધી-આબકારી રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા, કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા અન્ય મંત્રીશ્રીઓ તથા સમાજના અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને અભિવાદન બદલ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ -અમદાવાદનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આયોજિત માં ખોડલ-માં અન્નપૂર્ણાની મહાઆરતીમાં સમાજના આગેવાનો, મંત્રીશ્રીઓ અને ઉપસ્થિત જનમેદની સહભાગી થયા હતા.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### નમોત્સવ એક વ્યક્તિની નહીં પરંતુ ભારતના આત્મવિશ્વાસની યાત્રા છે: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર પર આધારિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શો 'નમોત્સવ' કાર્યક્રમને ખુલ્લો મુકતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

### અમદાવાદમાં ૧૫૦ કલાકારો દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વિચાર અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નમોત્સવ દ્વારા પ્રેરણાદાયક રીતે રજૂ કરવામાં આવી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વિચાર, કાર્યસંસ્કૃતિ અને રાષ્ટ્ર પ્રત્યેના અડગ સંકલ્પને જનજન સુધી પહોંચાડવા માટે આયોજિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શો 'નમોત્સવ' માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ નહીં પરંતુ ભારતના આત્મવિશ્વાસ, સંકલ્પ અને સંસ્કારની યાત્રા છે એમ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

અમદાવાદના સંસ્કારધામ, ઘુમા ખાતે આયોજિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનચરિત્ર પર આધારિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શો 'નમોત્સવ' કાર્યક્રમમાં જાણીતા કલાકાર શ્રી સાઈરામ દવે સહિત કુલ ૧૫૦ કલાકારોએ ભાગ લીધો હતો. જેને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, મંત્રીશ્રીઓ સહિત સૌ ઉપસ્થિત મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યો હતો.

શ્રી શાહે કહ્યું કે, નમોત્સવના માધ્યમથી એક એવા જીવનનું પ્રસ્તુતિકરણ થાય છે કે, જેણે માત્ર ૧૧ વર્ષના ટૂંકા ગાળામાં ૧૪૦ કરોડ ભારતીયોના મનમાં ભારત વિશ્વમાં પ્રથમ બનશે એવો દ્રઢ વિશ્વાસ સ્થાપિત કર્યો છે. આ વિશ્વાસ વિચારો, કાર્ય, આયોજન અને અડગ સંકલ્પથી જન્મે છે, અને તે ત્યારે જ શક્ય બને જ્યારે કોઈ વ્યક્તિએ પોતાનું આખું જીવન એ વિચાર માટે સમર્પિત કર્યું હોય.

શ્રી શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કોઈ સામાન્ય નેતા નથી, પરંતુ નિયતિને પોતાની નિયતથી ઘડનાર અસાધારણ વ્યક્તિત્વ છે. અનેક નેતાઓ પરિસ્થિતિના કારણે ઊંચાઈએ પહોંચ્યા હોય, પરંતુ નરેન્દ્ર મોદી એવા એકમાત્ર નેતા છે જેમણે નિષ્ઠા, પારદર્શિતા અને રાષ્ટ્રહિતની ભાવનાથી સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તેમણે જણાવ્યું કે, અત્યંત ગરીબ પરિવારમાં જન્મ લઈને જીવનની શરૂઆત કરનાર નરેન્દ્ર મોદીજી આજે એવા વડાપ્રધાન છે કે જેમને વિશ્વના ૨૯ દેશોએ પોતાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા છે. આ સન્માન માત્ર એક વ્યક્તિનું નહીં પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોનું ગૌરવ છે.

શ્રી શાહે જણાવ્યું કે, વડાપ્રધાન તરીકેના ૧૧ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ૨૭ કરોડ લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા,૮૧ કરોડ લોકોને મફત અનાજ સુરક્ષા મળી,૧૧ કરોડથી વધુ ગેસ કનેકશન,૧૫ કરોડથી વધુ શૌચાલય,૧૦ કરોડથી વધુ ઘરોમાં શુદ્ધ પીવાનું પાણી,૫૬ કરોડ લોકોને બેંકિંગ વ્યવસ્થાથી જોડાણ અને ૪ કરોડથી વધુ પરિવારને પાકા મકાન મળ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પોતાના માટે એક રૂમ પણ ન બનાવનાર વડાપ્રધાને કરોડો ગરીબોને ઘર બનાવી આપ્યા છે. આ જ નીતિ, નિયત અને નેતૃત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, ઓક્ટોબર ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના દ્વારા રાજ્યના દરેક ગામ સુધી ૨૪ કલાક વીજળી પહોંચાડી અને ગુજરાતને વિકાસનું મોડેલ બનાવ્યું. આ જ કાર્યસંસ્કૃતિ આજે સમગ્ર ભારત માટે પ્રેરણા બની છે. તેમણે વધુમાં કહ્યું કે, રામ મંદિર નિર્માણ, કલમ ૩૭૦નો અંત, આતંકવાદ સામે કડક કાર્યવાહી, ભારતનું ચોથું અને ઝડપથી ત્રીજું અર્થતંત્ર બનવું, ડિજિટલ વ્યવસ્થામાં વિશ્વમાં પ્રથમ સ્થાન-આ તમામ સિદ્ધિઓ મજબૂત નિયત અને સ્પષ્ટ દ્રષ્ટિના પરિણામ છે. શ્રી શાહે જણાવ્યું કે, નમોત્સવ એક નવી પેઢી માટે પ્રેરણાનું સ્ત્રોત બનશે. દેશના બાળકો, યુવાનો, સામાજિક કાર્યકર્તાઓ અને રાજકીય કાર્યકર્તાઓ માટે આ કાર્યક્રમ જીવનમાં મૂલ્યો, દેશપ્રેમ અને સેવાભાવ જગાવશે. અંતમાં શ્રી અમિતભાઈ શાહે સંસ્કારધામના આયોજકોનો આભાર માનતા કહ્યું કે, ત્રણ દિવસ સુધી સમાજના તમામ વર્ગોને નમોત્સવ નિહાળવાની તક આપી, તે માટે સંસ્કારધામ અભિનંદનને પાત્ર છે. તેમણે જણાવ્યું કે, નમોત્સવ એ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ નરેન્દ્ર મોદીએ ભારત માટે સ્થાપિત કરેલા માપદંડોને આત્મસાત કરવાની યાત્રા છે. 'નમોત્સવ' કાર્યક્રમને નિહાળવા ICC ના ચેરમેન શ્રી જય શાહ, મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા અને શ્રીમતી દર્શનાબેન વાઘેલા, રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણી, ભાજપા શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, સંસ્કાર ધામના ચેરમેન શ્રી ડૉ. આર. કે. શાહ, રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ શહેરના ખોખરામાં પોલીસની હાજરીમાં જ ગુંડાગીરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ખોખરાના ભાઈપુરા રોડ પર અસામાજિક તત્ત્વોનો આતંક જોવા મળ્યો છે. ફાસ્ટ ફૂડની દુકાને નાસ્તો કર્યા બાદ પૈસા ચૂકવવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ ઘટનામાં પોલીસની હાજરીમાં જ બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી. ખોખરા પોલીસે આ મામલે કડક વલણ અપનાવી આરોપીઓ અને દુકાનદાર સહિતના લોકોની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, શહેરના ખોખરા ભાઈપુરા રોડ પર રાજેશ વર્મા જય અંબે ફાસ્ટ ફૂડ નામનો સ્ટોલ ચલાવે છે. જ્યાં મોન્ટુ કોષ્ટી નામનો શખસ તેના ત્રણ મિત્રો સાથે આ સ્ટોલ પર મસ્કાબન અને સિગારેટ લેવા આવ્યો હતો. નાસ્તો કર્યા બાદ બિલની ચુકવણી બાબતે મોન્ટુ અને દુકાનદાર રાજેશ વર્મા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સામાન્ય તકરાર બાદ ઉશ્કેરાયેલા મોન્ટુ અને તેના સાથીઓએ દુકાનમાં તોડફોડ શરૂ કરી હતી, જેના કારણે આસપાસના લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. જો કે, નવાઈની વાત એ હતી કે પોલીસની હાજરી હોવા છતાં બંને પક્ષોએ એકબીજા પર હુમલો કર્યો હતો અને મામલો વધુ બિચક્યો હતો. અસામાજિક તત્ત્વોએ પોલીસનો પણ ડર રાખ્યા વિના જાહેરમાં આતંક મચાવ્યો હતો.

ખોખરા પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી છે. પોલીસે મુખ્ય આરોપી મોન્ટુ કોષ્ટી તેમજ સામા પક્ષે મારામારીમાં સામેલ રહેલા દુકાનદાર રાજેશ વર્માની પણ ધરપકડ કરી છે. આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે પેટ્રોલિંગ વધાર્યું છે અને અન્ય ફરાર શખસોની શોધખોળ શરૂ કરી છે.

ઉલ્લખનીય છે કે, શહેરના ગીચ વિસ્તારોમાં સામાન્ય બાબતોમાં અસામાજિક તત્ત્વો દ્વારા થતી તોડફોડ અને ગુંડાગીરીને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે આવા તત્ત્વો સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે.

### રાજ્યપાલશ્રીએ થોળ અભયારણ્ય સંકુલ ખાતે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું

# ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી આનંદીબેન પટેલે થોળ પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી




ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી આનંદીબેન પટેલે મહેસાણા જિલ્લાના કડી પાસે આવેલા થોળ પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ થોળ અભયારણ્યના વિસ્તારમાં પક્ષી દર્શન/નિરીક્ષણ કર્યું હતું અને વન વિભાગ અને સ્થાનિક પક્ષીવિદો પાસેથી અભયારણ્યમાં આવતા પક્ષીઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. સ્થાનિક પક્ષીવિદ દ્વારા બારહેડેડ ગીઝ, ગ્રેલેગ ગીઝ, ડાલમેસીયન પેલીકન, કોમન ક્રેન, બ્રામણી ડક, રફ એન્ડ રીવ વગેરે જેવા યાયાવર પક્ષીઓ સાયબીરીયા, રશીયા, માંગોલીયા, કઝાકીસ્તાન, ચીન વિગેરે દેશોમાંથી આવે છે, તે અંગે રાજ્યપાલશ્રીને અવગત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યપાલશ્રીએ સ્થાનિક અધિકારીઓ સાથે થોળ અભયારણ્યમાં નેચર વોક કર્યુ હતું. નેચર વોક દરમિયાન રાજ્યપાલશ્રીએ થોળ અભયારણ્યની મુલાકાતે આવેલ પ્રવાસીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો અને નાયબ વન સંરક્ષકશ્રી સાથે આગામી સમયમાં અભયારણ્યમાં યાયાવર પક્ષીઓના સંરક્ષણ માટેની પહેલ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ થોળ અભયારણ્ય સંકુલ ખાતે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, થોળ પક્ષી અભયારણ્ય સરોવરનો વિસ્તાર ૬૯૯ હેકટર (૬.૯૯, ચો.કિ.મી.) છે. સિંચાઈ તળાવ તરીકે ઉપયોગમાં લેવાતા આ સરોવરમાં હજારોની સંખ્યામાં જળાશયના પક્ષીઓ આવે છે, વસવાટ કરે છે, અને શિયાળામાં આવતા યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન બની રહે છે. આ સરોવરનો વિસ્તાર મહત્વના પક્ષી વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. થોળ પક્ષી અભયારણ્યને તા.૧૨/૦૮/ ૨૦૨૧ના રોજ "રામસર સાઈટ" (આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતાં જલપ્લાવિત વિસ્તાર) તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે. થોળ અભયારણ્યમાં છેલ્લી પક્ષી ગણતરી મુજબ ૫૫૫૮૭ જેટલા તથા જુદા જુદા અંદાજીત ૭૪ જાતિના પક્ષીઓ નોંધાયેલ હતાં. આ ઉપરાંત અત્યાર સુધી ૩૨૦ થી વધારે જાતિના કુલ પક્ષીઓ નોંધાયેલ છે. જેમા ૭૮ જાતિના યાયાવર(માયગ્રેટરી) પક્ષીઓનો સમાવેશ થાય છે. થોળ પક્ષી અભયારણ્યમાં ૧૧૮ જાતિના પક્ષીઓ માટેનું સંવેદનશીલ રહેઠાણ છે. આ મુલાકાત દરમિયાન નાયબ વન સંરક્ષકશ્રી ડૉ.સક્કિરા બેગમ, મદદનીશ વન સંરક્ષકશ્રી એન.એમ. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બિરેન પટેલ, DYSP શ્રી હાર્દિક પ્રજાપતિ, કડી મામલતદારશ્રી માધવી પટેલ, થોળ ગામના સરપંચશ્રી, સ્થાનિક અગ્રણીઓ તેમજ વન વિભાગના અધિકારી/ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હર્ષ સંઘવીના શહેર સુરતમાં પતરાના શેડ માં પડદા બાંધી દારૂનો બાર બનાવ્યો: વિડીયો વાયરલ થતા પોલીસના એકશન પ્લાન પર સવાલો ઉભા થયા

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી ૩૧ મી ડીસેમ્બર ને લઈને પોલીસનુ સઘન ચેકીંગ હાથ ધરાયુ છે. મોટા શહેરો સહિતના વિસ્તારોમાં પોલીસ બ્રેથ એનલાઈઝર સાથે ચેકીંગ કરી રહી છે. દારૂ અને ડ્રગ્સની પાર્ટીઓ રોકવા માટે પોલીસે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. ત્યાં જ હર્ષ સંઘવીના શહેર સુરત પોલીસના એકશન પ્લાન પર એક નાનકડા દારૂના અડ્ડાએ પાણી ફેરવી નાખ્યુ છે. સુરત શહેરમાં પતરાના શેડમાં દારૂનો બાર બનાવી



લોકોને દારૂ પીરસવામાં આવતો હોવાનો એક વિડીયો વાયરલ થયો છે.

સુરત શહેરમાં મહિધરપુરા વિસ્તારમાં પતરાના શેડમાં દારૂનો અડ્ડો ચાલતો હતો. આ અડ્ડો જાણે દારૂનો એક બાર હોય તે પ્રકારનો હતો. અહીં પાણી, સોડા અને બાઈટીંગ સહિતના વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી. પતરાના શેડમાં ચારેય તરફ પડદા બાંધીને બાર બનાવવામાં આવ્યો હોવાનો એક વિડીયો વાયરલ થયો છે. આ વિડીયો વાયરલ થતા જ પોલીસે તપાસ હાથ ધરી છે. સુરતમાં દારૂ અને ડ્રગ્સની પાર્ટીઓ રોકવા માટે પોલીસ દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરાયો છે. ફાર્મહાઉસ સહિતના સ્થળોએ ડ્રોન સર્વેલન્સ દ્વારા નશેડીઓને પકડવા માટેનુ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. રોડ રસ્તા પર વાહન ચાલકોને રોકીને બ્રેથ એનલાઈઝર દ્વારા તેમની તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે સુરતનો જ એક વિડીયો વાયરલ થયો છે. આ વિડીયોએ પોલીસની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. જે પોલીસ સઘન ચેકીંગ કરી રહી છે. તે પોલીસને આ બારની ખબર નહી હોય તેવુ કેવી રીતે બની શકે તેવી અનેક ચર્ચાઓએ જોર પકડયુ છે.

# રાજયની તમામ કોર્ટો માટે હાઈકોર્ટે જાહેર કર્યો નવો ફરમાન: હવે એ-૪ સાઈઝના પેપર દાખલ કરવાનુ ફરમાન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટ દ્વારા નવો એક પરીપત્ર જારી કરવામાં આવ્યો છે. હવેથી ગુજરાત રાજયની તમામ જિલ્લા અદાલતો અને કોર્ટમાં તમામ પ્રકારની પીટીશન, અપીલ, એફિડેવીટ, એપ્લીકેશન, ઓર્ડર, જજમેન્ટ, વગેરે એ-૪ સાઈઝના પેપર પર જ દાખલ કરવાનુ કડક ફરમાન જારી કરાયુ છે. રાજયની તમામ જિલ્લા અદાલતો માટે લાગુ પાડવામાં આવેલ આ નિયમની અમલવારી તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી



કરવી પડશે. હાઈકોર્ટ સહિતની રાજયની તમામ જિલ્લા અદાલતો અને સંબાંધિત કોર્ટમાં તમામ પીટીશન, એફીડેવીટ, એપ્લીકેશન, ઓર્ડર અને જજમેન્ટ વગેરે એ એ-૪ સાઈઝના પેપર પર જ દાખલ કરવાની નવી સિસ્ટમના કારણે વરસે દહાડે લાખો કરોડો રૂપીયાનો એ-૪ સાઈઝનો કાગળ વપરાશે. તેનો ઉપયોગ અનેકગણો વધી જશે. જેના કારણે તેનુ ઉત્પાદન પણ વધશે, હાઈકોર્ટ દ્વારા અગાઉ ૨૫ ઓકટોબર ૨૦૨૫ ના પરીપત્રમાં ફોન્ટ સહિતની કેટલીક બાબતોના ફેરફાર સાથે આ નવો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. કારણ કે અગાઉ જે ફોન્ટનો ઉલ્લેખ કરાયો હતો તે આઉટ ડેટેડ અને યુનિકોર્ડ સક્ષમ નહી હોવાના કારણે ટેકનીકલ સમસ્યાઓ આવતી હતી. તેથી હવે ફોન્ટમાં લઈને મહત્વનો બદલાવ કરી કેટલીક બાબતોમાં સુધારા સાથે નવો પરીપત્ર જારી કરાયો છે.

પરીપત્રમાં ચોકકસ સાઈઝના એ-૪ પેપર ના ઉપયોગની સાથે સાથે તેની કવોલીટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઈન સ્પેશીંગ સહિતની બાબતોનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે. અને તે મુજબ તમામ જિલ્લા અદાલતોમાં ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ફરજીયાત પણે અમલવારી કરવાની રહેશે.

# વડોદરા મંડળના બાજવા-અમદાવાદ ખંડ પર સ્વદેશી 'કવચ' પ્રણાલી સ્થાપિત કરવામાં આવી

રેલ સંચાલનમાં સંરક્ષા ને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો હેઠળ, વડોદરા મંડળના સિગ્નલ અને દૂરસંચાર વિભાગ દ્વારા ૯૬ કિલોમીટર લાંબા બાજવા-અમદાવાદ ખંડ પર સ્વદેશી સ્વચાલિત ટ્રેન સુરક્ષા (એટીપી) પ્રણાલી 'કવચ'નું સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યું છે . આનાથી સંબંધિત રેલ ખંડ પર સુરક્ષામાં વૃદ્ધિ સાથે સાથે ઉચ્ચ ગતિએ પણ સુરક્ષિત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થશે .

કવચ પ્રણાલી દ્વારા નવા સંરક્ષિત માર્ગ પર આજે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ ને વડોદરા - અમદાવાદ ફાસ્ટ પેસેન્જર માં વડોદરાના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે ઉપસ્થિત રહેશે અને આ સિસ્ટમ નું અવલોકન કરશે, મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકે ના કુશળ માર્ગદર્શન હેઠળ વડોદરા મંડળે આ મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડલના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેનાએ જણાવ્યું કે આ ખંડ પર દોડતી બધી લોકોમોટિવો કવચ પ્રણાલીથી સુસજિત છે. આ સ્વદેશી ટેકનોલોજી સંરક્ષા જોખમોને આપમેળે ઘટાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે., જે લાલ સિગ્નલ પાર થવાથી રોકથામ (સિગ્નલ પાસિંગ એટ ડેન્જર), લૂપ લાઈનો અને મુખ્ય રેલ ખંડો પર આપોઆપ વેગ નિયંત્રણ, તેમજ સામસામે અને પાછળથી થતી અથડામણોથી સુરક્ષા જેવી સુવિધાઓ પ્રદાન કરે છે.

# આરતી સાંગાણી પ્રેમલગ્ન વિવાદ: પાટીદાર સમાજ બાદ હવે વાલ્મિકી સમાજ મેદાને: ઉમંગ વાઘેલાએ ડબલ સ્ટાન્ડર્ડ સામે સવાલ ઉઠાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતી લોકસંગીત ક્ષેત્રનુ જાણીતુ નામ આરતી સાંગાણીના તાજેતરના પ્રેમલગ્ને સમગ્ર રાજયના સામાજિક માળખામાં ખળભળાટ મચાવી દીધો છે. ૧૬ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ આરતી સાંગાણીએ ગોંડલના વતની અને તબલાવાદક દેવાંગ ગોહેલ સાથે આંતરજ્ઞાતિ લગ્ન કર્યા હતા. આ લગ્ન બાદ પાટીદાર સમાજમાં ઉઠેલા વિરોધના વંટોળ વચ્ચે હવે વાલ્મિકી સમાજ પણ દેવાંગના સમર્થનમાં મેદાને આવ્યો છે. જેના કારણે વિવાદે નવુ સ્વરૂપ ધારણ કર્યુ છે,



આરતી પાટીદાર સમાજનમાંથી આવે છે જયારે દેવાંગ ગોહેલ વાલ્મિકી સમાજના છે. આ લગ્નને પગલે પાટીદાર સમાજના કેટલાક આગેવાનો અને અલ્પેશ કથીરીયા જેવા નેતાઓએ આકરા પ્રતિભાવો આપ્યા છે. સોશીયલ મીડીયા પર આરતીને સમાજમાંથી બહિષ્કૃત કરવાની અને ભવિષ્યમાં તેના સંગીતના કાર્યક્રમોનો બહિષ્કાર કરવાની વાત વહેતી થઈ છે. આ વિરોધ પ્રદર્શન પાછળ જ્ઞાતિની મર્યાદાઓ અને માતા પિતાની અસંમતિ મુખ્ય કારણ હોવાનુ જણાવાઈ રહ્યુ છે.

આ વિવાદમાં નવો વળાંક ત્યારે આવ્યો જયારે ગોંડલના વાલ્મિકી સમાજે દેવાંગ ગોહેલ ને જાહેર ટેકો કર્યો છે. વાલ્મિકી સમાજના આગેવાન ઉમંગ વાઘેલાએ અત્યંત સંવેદનશીલ પરંતુ તાર્કિક નિવેદન આપતા કહ્યુ હતુ કે પટેલ સમાજ એક રીતે તેમની જગ્યાએ સાચો છે, દરેક માતા પિતાને પોતાની દિકરીની ચિંતા થાય તે સ્વભાવિક છે, જો કે તેમણે એક ગંભીર સવાલ ઉઠાવતા ઉમેર્યુ કે અમરેલીમાં દોઢ વરસ અગાઉ પાટીદાર સમાજના દિકરાએ વાલ્મિકી સમાજની દિકરી સાથે લગ્ન કર્યા હતા અને ત્યાં રોટી બેટીનો વ્યવહાર આજે પણ ચાલુ છે. જો પાટીદાર સમાજ વાલ્મિકીની દિકરીને વહુ તરીકે સ્વીકારી શકતો હોય તો વાલ્મિકી સમાજના દિકરાને જમાઈ તરીકે સ્વીકારવામાં કેમ વાંધો છે ?

વાલ્મિકી સમાજની આ અપીલ બાદ હવે સોશીયલ મીડીયા પર ડબલ સ્ટાન્ડર્ડ (બેવડા ધોરણો) અંગે ચર્ચા જાગી છે. આ કિસ્સો અગાઉના કિંજલ દવેના વિવાદની યાદ તાજી કરાવે છે. જયાં વ્યકિતગત પસંદગી અને જ્ઞાતિના નિયમો વચ્ચે ટકરાવ થયો હતો. ઉમંગ વાઘેલાએ આ વિવાદને રાજકારણથી દુર રાખીને માત્ર સામાજિક અને માનવીય દ્રષ્ટીકોણથી જોવાની વિનંતી કરી છે. આજના આધુનિક યુગમાં જયારે યુવાનો પ્રેમ અને વ્યકિતગત સ્વતંત્રતાને મહત્વ આપે છે ત્યારે આ કિસ્સો ફરી એકવાર મોટો પ્રશ્ન ઉભો કરે છે. શું જ્ઞાતિ દિવાલો હજુ પણ એટલી મજબુત છે કે તે પ્રેમને પણ પરાજીત કરી શકે ? આ સંઘર્ષની કિંમત પ્રેમી યુગલ ચુકવે છે કે સમાજના જુના પરંપરાગત નિયમો, તે સમય જ બતાવશે.

# પાલનપુર હત્યાકેસ પ્રકરણમાં આરોપીઓને જાહેરમાં માર મારતા માળી સમાજ લાલઘુમ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ચકચારી હત્યાકેસમાં પોલીસે ઝડપેલા ૬ આરોપીઓને જાહેરમાં લાવીને ઢોર માર મારવાની ઘટના હવે વિવાદના વમળમાં ફસાઈ છે. આ મામલે માળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા પોલીસે પોતાની ઈજજત આબરૂ બચાવવા તેમજ રાજકીય નેતાઓના ઈશારે આરોપીઓને જાહેરમાં ઢોર માર મારવામાં આવ્યો છે તે બિલકુલ ગેરવ્યાજબી હોવાનુ માળી સમાજના લોકોએ કહ્યુ હતું.



આ મામલે માળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને લોકો માળી સમાજ ઝિંદાબાદ ના નારા સાથે જિલ્લા પોલીસવડાની કચેરીએ પહોચ્યા હતા. માળી સમાજના અગ્રણીઓએ રજુઆત કરતા જણાવ્યુ હતુ કે તેઓ પોલીસની કાયદેસરની કાર્યવાહી કે તપાસની વિરૂધ્ધમાં નથી, પરંતુ જે પ્રકારે આરોપીઓને રોડ રસ્તા પર જાહેરમાં લાવીને માર મારવામાં આવ્યો છે તે કાયદાનુ ઉલ્લંઘન છે. સમાજનુ કહેવુ છે કે આરોપીઓને સજા આપવાનુ કામ ન્યાયતંત્રનુ છે, પોલીસનુ નહી, જાહેરમાં માર મારીને પોલીસે માનવ અધિકારો અને કાયદાકીય મર્યાદાઓનુ ઉલ્લંઘન કર્યુ છે, સમાજના લોકોએ એસપીને આવેદનપત્ર આપીને રજુઆત કરી છે કે પોલીસ કાયદાના રક્ષક છે ભક્ષક નહી, ભવિષ્યમાં આ પ્રકારે કોઈ સમાજ કે વ્યકિતને લક્ષ બનાવીને જાહેરમાં અપમાનીત કરવામાં ન આવે તેની તકેદારી રાખવી જોઈએ, હાલમાં આ મામલે પાલનપુર પોલીસના ઉચ્ચ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે.

# બોટાદમાં ગમખ્વાર અકસ્માત, પિકઅપ વાન પલટતા બેના મોત, અકસ્માતમાં ૧૬થી વધુ ઈજાગ્રસ્ત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

બોટાદના મિલિટરી રોડ પર રવિવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. એક જ પરિવારના સભ્યોથી ભરેલી પિકઅપ વાન અચાનક પલટી મારી જતાં ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં બે વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે પરિવારના અન્ય ૧૬થી વધુ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બોટાદના હરણકુઈ વિસ્તારમાં રહેતો એક પરિવાર પિકઅપ વાનમાં સવાર થઈને કોઈ સામાજિક પ્રસંગે કે કામ અર્થે બહારગામ જઈ રહ્યો હતો. પિકઅપ વાન જ્યારે મિલિટરી રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા વાન જોરદાર પલટી ખાઈ ગઈ હતી. વાન પલટી જતાં તેમાં સવાર મહિલાઓ અને બાળકો સહિતના સભ્યો ફંગોળાયા હતા. જેમાં ૨ વ્યક્તિના કરુણ મોત નિપજ્યા હતા અને એક જ પરિવારના ૧૬થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર અર્થે નજીક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. અકસ્માત થતાં જ આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ બોટાદ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને ટ્રાફિક ક્લિયર કરાવી અકસ્માત અંગે કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

# ૨૦૨૯માં પણ નરેન્દ્ર મોદી જ દેશના વડાપ્રધાન બનશે : રાહુલ બાબા હારથી થાકો નહી: કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રવિવારે અમદાવાદના પ્રવાસે આવ્યા છે. તેઓએ એએમસી ના વિવિધ વિકાસ કાર્યોનુ લોકાર્પણ કર્યુ હતુ. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આધુનિક ટેકનોલોજીની મદદથી ખાડો ખોદયા વિના તૈયાર થયેલી ૨૭ કિ.મી. લાંબી ડ્રેનેજ લાઈનનુ લોકાર્પણ કરતા વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા.




આ પ્રસંગે અમિત શાહે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૯માં પણ નરેન્દ્ર મોદી જ દેશના વડાપ્રધાન બનશે, સાથે જ તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યુ કે રાહુલ બાબા હાર થી થાકો નહી, શાહે વિપક્ષની ટીકા કરતા ઉમેર્યુ હતુ કે જે બાબતો જનતાને ગમે છે તમે હંમેશા તેનો જ વિરોધ કરો છો, તો પછી જનતા તમને મત કયાંથી આપે ? વિકાસ કાર્યોની પ્રશંસા કરતા તેમણે આ નવી ડ્રેનેજ લાઈનને એન્જીનીયરીંગનો ઉત્તમ નમુનો ગણાવ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યુ હતુ કે આજે આનંદ થાય તેવા કાર્યક્રમ છે. ખુબ નાનકડો પણ મોટો પ્રસંગ વણઝરમાં થયો છે. ૭૩ માં જેમનુ બધુ જ ઉજડી ગયુ તેવા કેટલાક લોકોએ તે સમયે અહીંયા આવીને વસ્યા, ૫૦ વરસ પેઢીએ સુધી રહ્યા પરંતુ પ્લોટની માલીકી કોઈક કારણસર અટકી ગઈ હતી. અમિત ઠાકરે આ મુદ્દાનો ઉકેલ લાવવા કામ કર્યુ તે મહત્વનુ છે. ફાઈલોને અંજામ સુધી અમિત ઠાકરે કામ કર્યુ છે, લોકોના જીવનમાં આજે ઘણો મોટો પ્રસંગ છે. આજથી આ તમામ લોકો માટે આ પ્રક્રીયા કાયદેસર થઈ ગઈ છે.

અમિત શાહે વધુમાં જણાવ્યુ હતુ કે રાહુલ ગાંધીએ સંસદમાં એક વિચિત્ર સવાલ કર્યો કે દર વખતે અમે કેમ ચુંટણી હારી જઈએ છીએ, અરે રાહુલ ગાંધી અમારી વિનંતી છે કે આ બે કાર્યક્રમ સમજી લો તો તમને સમજાઈ જશે કે તમે કેમ ચુંટણી હારો છો, કોઈ મોટુ આંદોલન થયુ નથી, કોઈએ મને રોકયો પણ નથી, કોઈએ પણ કશુ પણ કહ્યા વગર વરસોજુની માંગણી સંવેદનશીલતાના કારણે પુરી થઈ છે. જનતા માંગણી કરે કે ન કરે પરંતુ તેનુ કામ કરવાનુ કામ ભાજપ અને નરેન્દ્ર મોદીએ કર્યુ છે.

૧૫ લાખ લોકોની વસ્તીની ગટરની વ્યવસ્થા ન હોવા છતાં કયારેય પણ કોઈએ આંદોલન કર્યુ નથી. જેથી રાહુલ ગાંધીએ આ સમજવાની જરૂર છે. પરંતુ જે તેમનો વિષય નથી, એસઆઈઆર જેવી વસ્તુઓમાં ધ્યાન આપે છે.

શાહે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યુ કે બંગાળ અને તમિલનાડુમાં પણ હરાવીશુ તે નકકી કરીને રાખ્યુ છે. ફરી એક વખત મોદીની સરકાર બનશે, રામ મંદિર બનાવીએ તો તમે તેનો વિરોધ કરો છો, જે પણ નિયમ લાવીએ તેનો તમે વિરોધ કરો છો , તો તમને કયાંથી મત મળવાના છે. જેને પોતાની પાર્ટી નથી સમજાવી શકી તેને અમે કઈ રીતે સમજાવી શકીશુ.

અમે રામ મંદિર બનાવીએ તમે વિરોધ કરો, પાકિસ્તાન પર સર્જીકલ સ્ટ્રાઈક કરીએ તો તમે વિરોધ કરો, એરસ્ટ્રાઈક કરીએ તો તમે વિરોધ કરો, બાંગ્લાદેશી ઘુસણખોરો ભગાવીએ વિરોધ કરો, કાશી નુ મંદિર બનાવીએ વિરોધ કરો, ટ્રીપલ તલાક ૩૭૦ ની કલમ હટાવીએ તો તમે તેમાં પણ વિરોધ કરો, કોમન સીવીલ કોડ લાવીએ તેનો વિરોધ કરો, જનતાને જે ગમે છે તેનો તમે વિરોધ કરો છો, કયાંથી મત મળે શાહે ? રાહુલ બાબા ને સમજાવવાની ક્ષમતા મારી પણ નથી, જેને પોતાની પાર્ટીવાળા સમજાવી ન શકે તેને વિરોધ કરવાવાળા કયાંથી સમજાવી શકે.

# મંત્રીઓના પીએ ખોલી રહ્યા છે સરકારની પોલ: ભલામણ પત્રોથી સરકારમાં કામો થતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓના પીએ સરકારનો અરીસો પ્રજાને બતાવી રહ્યા છે. ખુદ એક મંત્રીના પીએ એ મીડીયા સામે કહ્યુ કે ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓના ભલામણ પત્રોથી કામો થતા નથી. એટલુ જ નહી આ પીએ એ એવુ પણ કહ્યુ કે હું અગાઉ એક મંત્રી પાસે પીએ તરીકે હતો જે મંત્રીના કાર્યાલયે રોજે રોજ મંત્રીઓના ભલામણ પત્રો આવતા હતા. પરંતુ સાહેબની સુચનાથી ભલામણ પત્રને માત્ર પસ્તી તરીકે ઘણી ફાઈલ કરી દેતા હતા. ગુજરાતમાં નજીકના સમયગાળામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે, ભાજપ ચુંટણીઓ જીતવા એડી



ચોટીનુ જોર લગાડી રહ્યુ છે. તો સામે આમ આદમી પાર્ટી-કોંગ્રેસ બંને વિપક્ષ પાર્ટીઓ ચુંટણીઓ જીતવા રાજયમાં ઠેર ઠેર સંમેલનો અને સભાઓ ગજવી રહ્યા છે. પ્રજાને અગાઉ ભાજપ સામે કોઈ સક્ષમ નેતૃત્વવાળો પક્ષ દેખાતો ન હતો. કોંગ્રેસમાં સારી નેતાગીરી ન હોવાને કારણે પ્રજા સામેથી ભાજપના ખોળામાં મત આપી ભાજપના ઉમેદવારોને જીતાડતી હતી. ત્યારે હવે ભાજપની સામે લડવા માટે હરીફ આમ આદમી પાર્ટી આવી છે. હવે ધીરે ધીરે મોદીનો જાદુ ઓસરતો જઈ રહ્યો છે. પ્રજા પણ હવે વિકાસ માંગી રહી છે. વધુમાં હવે મંત્રીઓના પીએ પણ જાહેરમાં મુલાકાતીઓને કહી રહ્યા છે કે મંત્રીઓના ભલામણ પત્રોથી કામો થતા નથી ત્યારે હવે પ્રજાએ પણ વિચારવુ જોઈએ કે હવે મંત્રી પાસે ભલામણ પત્ર લખાવો કે ફોન કરાવવો, સરકારની આ પોલ કોઈ અન્ય સામાન્ય વ્યકિતએ નહી પણ સરકાર દ્વારા મંત્રીઓના કાર્યાલયે નિમણુંક પામેલા પીએ દ્વારા કહેવામાં આવી રહ્યુ છે. ત્યારે હવે મંત્રીઓએ લખેલા ભલામણ પત્રો દ્વારા કામો થશે કે નહી તે હવે જોવુ રહ્યુ.

# ભાજપના હોદ્દેદારોની પસંદગીમાં આંતરીક ખટપટો ટાળવાનો પ્રયાસ છતાં વિખવાદો વધશે

## પક્ષાંતર કરાવીને સત્તા અને સંપત્તિ મેળવો પણ પક્ષના હોદ્દા નહી મળે ની મોદી નીતી અમલી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ દ્વારા ગઈ કાલે ૨૭ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ મોડી રાત્રે પ્રદેશ સંગઠનના હોદ્દેદારો અને વિવિધ મોરચાના પ્રમુખોની જાહેરાત કરવામાં આવી છે. જગદીશ પંચાલ ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા બાદ ૩ મહિનાના વિલંબ બાદ હોદ્દેદારો નિયુકત કરવામાં આવ્યા છે. ભાજપમાં આંતરીક વિખવાદ વાળવામાં અને ખાળવામાં લાંબો સમય પસાર થયો છે. નવા માળખા બાદ પક્ષમાં આંતરીક ખટપટ વધવાની પુરી શકયતા જોવા મળી રહી છે.




આ બધા વચ્ચે એક ખાસ વાત એ જોવા મળી રહી છે કે હોદ્દેદારોમાં પક્ષપલ્ટો કરાવીને લાવવામાં આવેલા એક પણ નેતાને સ્થાન આપવામાં આવ્યુ નથી. બીજા પક્ષના નેતાઓને લાવીને ભાજપ ચુંટણી જીતે છે. સરકારની સત્તામાં ભાગીદાર બનાવે છે, કોન્ટ્રાકટ અને નાણાંકીય ફાયદો કરાવે એવા કામો આપે છે, પણ ભાજપના હોદ્દેદારો તરીકે તેમને કયારેય લેવામાં આવતા નથી. આ મોદી નીતી રહી છે. તેનો પડઘો અહીં જોવા મળે છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના આદેશ બાદ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા નિમણુંક કરીને જાહેરાત થઈ હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા અને કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીન એ નિર્ણય લીધો હતો. આ નેતાઓને મળવા માટે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખને દિલ્હી બોલાવવામાં આવ્યા બાદ મનાતુ હતુ કે હિન્દુ મત મુજબ આ કમુર્તા બાદ જાહેરાત થશે. પણ એવુ થયુ નહી અને અચાનક કમુર્તામાં આ જાહેરાત કરાઈ છે,

સંગઠન માળખામાં કુલ ૧૦ ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. ૪ પ્રદેશ મહામંત્રી, ૧૦ પ્રદેશ મંત્રીની નિમણુંક કરાઈ છે. આ સિવાય પ્રદેશ કોષાધ્યક્ષ, પ્રદેશ મુખ્ય પ્રવકતા, પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ અને પ્રદેશ મોરચાના પ્રમુખની પણ નવી નવી નિમણુંકો કરવામાં આવી છે.

જેમાં ઉપપ્રમુખમાં (૧) જયદ્રથસિંહ પરમાર (પંચમહાલ) (૨) રમેશ ઘડુક (પોરબંદર) (૩) ભરત પંડયા (અમદાવાદ જિલ્લો) (૪) રાજેશ ચુડાસમા (જુનાગઢ જિલ્લો) (૫) નટુજી ઠાકોર (મહેસાણા) (૬) ગીતાબેન રાઠવા (છોટા ઉદેપુર) (૭) ગૌતમ ગેડીયા (સુરેન્દ્રનગર) (૮) અરવિંદ પટેલ (વલસાડ)(૯) રસિક પ્રજાપતિ (વડોદરા જિલ્લો) (૧૦) ઝંખનાબેન પટેલ (સુરત શહેર) જયારે મહામંત્રીમાં (૧) અનિરૂધ્ધ દવે (કચ્છ) (૨) ડો.પ્રશાંત કોરાટ (રાજકોટ જિલ્લો) (૩) અજય બ્રહ્મભટ્ટ (ખેડા) (૪) હિતેન્દ્રસિંહ ચૌહાણ (સુરેન્દ્રનગર) તે જ પ્રમાણે મંત્રીઓમાં જોઈએ તો (૧) શંકર આંબલિયાર (દાહોદ) (૨) ડો.સંજય દેસાઈ (બનાસકાંઠા) (૩) નિરવ અમીન (આણંદ) (૪) કૈલાસબેન ગામીત (તાપી) (૫) મુકિતબેન મયંકકુમાર જોશી (મહિસાગર) (૬) સોનલબેન સોલંકી (વલસાડ) (૭) પ્રદિપસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ (સાબરકાંઠા) (૮) સીતાબેન પટેલ (મહેસાણા) (૯) આશાબેન નકુમ (જામનગર) (૧૦) હરજીવન પટેલ (બનાસકાંઠા) જયારે કોષાધ્યક્ષમાં (૧) પરીન્દુ ભગત (કોષાધ્યક્ષ ) (૨) મોહન કુંડારીયા (સહ.કોષાધ્યક્ષ મોરબી) જયારે કાર્યાલય મંત્રી તરીકે શ્રીનાથ શાહ ની નિમણુંક કરવામાં આવી છે. જયારે પ્રવકતા તરીકે ડો.અનિલ પટેલ (મુખ્ય વકતા) (૨) પ્રશાંતવાળા રાજકોટ શહેર

મોરચાના પ્રમુખનુ નામ જિલ્લો / શહેર, યુવા મોરચા ડો. હેમાંગી જોશી વડોદરા શહેર, મહિલા મોરચા અંજુબેન વેકરીયા સુરત શહેર, કિસાન મોરચા હિરેન હિરપરા અમરેલી, ઓબીસી મોરચા માનસી પરમાર, ગીરસોમનાથ, એસસી મોરચો કિરીટ સોલંકી એસટી મોરચા ગણપત વસાવા સુરત જિલ્લો, લઘુમતિ મોરચા નાહીન કાજી ભાવનગર શહેર ની નિમણુંક કરવામાં આવી છે. આમ ભાજપમાં પક્ષાંતર કરાવીને આવેલા નેતાઓ માટે સીધો સંદેશ આપવાનો પ્રયાસ છે. જેમાં તેઓને સાનમાં સમજાવાયુ છે કે અહીં સત્તા અને સંપત્તિ મેળવો પણ પક્ષના હોદ્દા નહી મળે. આ મોદીની નીતી છે. જે અમલી કરવામાં આવી હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

# આરતી સાંગાણી પ્રેમલગ્ન વિવાદ : દિકરીના પગલાથી ભાંગી પડેલા પિતાની ભાવુક અપીલ : હું હજુ પણ તને અપનાવવા તૈયાર છું, બસ ઘરે પાછી આવ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતની સિંગર અને પાટીદાર સમાજની દિકરી આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ દેવાંગ ગોહેલ સાથે પ્રેમ લગ્ન કરતા વિવાદ વકરી રહ્યો છે. ખુદ આરતી સાંગાણીએ વિડીયો સંદેશ થકી પોતાના પ્રેમ લગ્નનો વિરોધ કરી રહેલા લોકોને રોકડુ પરખાવ્યુ હતું. એવામાં આજે ભારે હૈયે આરતી સાંગાણીના પિતાએ પણ પોતાની વ્યથા ઠાલવી છે. આ સાથે જ તેમણે પોતાની દિકરીને ઘરે પરત ફરવા માટે અપીલ કરી છે.




આરતી સાંગાણીના પિતાએ ભીની આંખે પોતાની દિકરીને અપીલ કરતા જણાવ્યુ હતુ કે આરતી સમજીને ઘરે પરત ફરે અને પોતાની ભુલ સુધારી લે, આખરે આ વિવાદનો અંત આવવો જોઈએ, સમાજ પણ દિકરીની ભુલ માફ કરવાની ઈચ્છા રાખે છે, તારા (આરતી) જે પણ સપના છે તેને પુરા કરવા માટે હું સક્ષમ છુ, તે મને વિશ્વાસ અપાવ્યો હતો કે હું તમારો દિકરો જ છુ, હું હજુ પણ તને દિકરા તરીકે જ અપનાવવા માટે તૈયાર છુ, વધુમાં આરતીના પિતાએ જણાવ્યુ હતુ કે મારી દિકરી સુરતથી મેંદરડા કાર્યક્રમ કરવા ગઈ હતી, જયાંથી મોરબી નો પ્રોગ્રામ હતો, જો કે બીજો પ્રોગ્રામ નકકી થતા આરતી ભાવનગર પહોચી હતી, ભાવનગરના કાર્યક્રમ પતી ગયા પછી બીજા દિવસે આરતીએ મને વિડીયો કોલ કર્યો હતો અને જણાવ્યુ હતુ કે હું અહીથી સાંજે નિકળીશ અને બીજા દિવસે સવારે સુરત ઉતરીશ, જો કે તે પછી આરતીનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો, અમે બે દિવસ સુધી અમારી રીતે આરતીને શોધવાનો પ્રયાસ કર્યો પરંતુ તેની કોઈ ભાળ ન મળી, આખરે અમે પોલીસ સ્ટેશનમાં આરતી ગુમ થવા અંગે ફરીયાદ નોંધાવી હતી.

આરતીએ મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે, મારા વિરોધને પગલે આરતીએ મને વિશ્વાસ આપ્યો હતો, જો કે આરતીએ પ્રેમલગ્ન કરીને મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે. આમ છતાં તે હજુ પણ મારી દિકરી જ છે. હું તેની તમામ ભુલો માફ કરી દેવા માટે તૈયાર છું. બસ તે એકવાર ઘરે પરત ફરે,

સુરતમાં રહેતી અને પાટીદાર સમાજમાંથી આવતી આરતી સાંગાણીના પિતા સાડીના જોબવર્ક નુ કામ કરે છે, આરતીના પરીવારની વાત કરીએ તો તે ૫ બહેનો અને ૧ ભાઈ છે, જયારે આરતીએ જેની સાથે લવ મેરેજ કર્યા તે દેવાંગ ગોહિલ મુળ રાજકોટના ગોંડલનો વતની છે, દેવાંગ ગોહિલ આરતીના કાર્યક્રમમાં તબલા વગાડવાનુ કામ કરે છે, જેના કારણે દોઢેક વરસથી બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. આખરે આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ દેવાંગ ગોહિલ સાથે પ્રેમલગ્ન કરતા તેનો પરીવાર તેમજ પાટીદાર સમાજનમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સોશીયલ મીડીયામાં પણ લોકો કોમેન્ટ કરી રહ્યા છે કે તારા કારણે પરીવાર અને પાટીદાર સમાજને નીચુ જોવુ પડયુ છે. પાટીદાર સમાજમાં છોકરાઓ કયાં ઓછા હતા, તો પ્રેમલગ્ન કરવા પડયા, હવે અટક પણ બદલી નાખો,

# ગુજરાતમાં એક જ સિસ્ટમ છે કે જેટલો ખરાબ માણસ: એટલો જ ભાજપમાં તેનો મોટો હોદ્દો

## જુનાગઢ જિલ્લાના માણાવદર અને વંથલી તાલુકાના આખે-આખા ગામ ભાજપને બાય બાય કરી આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ જિલ્લાના માણાવદર અને વંથલીમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અને હેમંત ખવાની વિશેષ ઉપસ્થિતિમાં કિસાન ન્યાય સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજસિંહ સોલંકી, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રાજુભાઈ બોરખતરીયા, પ્રકાશભાઈ દોંગા, ઓબીસી સેલ પ્રદેશ અધ્યક્ષ પીયુષ પરમાર અને પોરબંદર લોકસભા ઈન્ચાર્જ મહેશભાઈ કોટડીયા, જુનાગઢ જિલ્લા પ્રમુખ હરેશ સાવલીયા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.





આ સભામાં સરપંચો અને પૂર્વ સરપંચો સહિત આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેમાં જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય પ્રવિણ વાલાભાઈ ચાવડા અને મનુભાઈ મુછડીયા, તાલુકા પંચાયત હાલના સભ્ય મનુભાઈ મુછડીયા(માણાવદર) જયેશભાઈ ડાંગર (માણાવદર), રમેશભાઈ ભલાણી (માણાવદર), લાખાભાઈ બારૂ (માણાવદર), પ્રભાતભાઈ (મેંદરડા), આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જયારે હાલના સરપંચ હિરાભાઈ જલુ (દડવા), સરપંચ પ્રકાશભાઈ વાળાભાઈ (રફાળા) , સરપંચ અશ્વિન શિંગાળા (બુરી), સરપંચ વિજયભાઈ હાથલીયા (આંબલીયા) સરપંચ ડાહયાભાઈ કોડીપાવર (ભીનાણા), સરપંચ જગદીશભાઈ ડાંગર (ઉરડી), સરપંચ પરબતભાઈ વરૂ (મરમઠ), સરપંચ રાયમલભાઈ જબુ (ગાદોઈ), આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જયારે પૂર્વ સરપંચ અશોકભાઈ કાથળ (સિતાણા), ભીમભાઈ બેટારીયા (ચીખલોડા), કચરાભાઈ નંદાણીયા (ચીખલોડા), જયદીપસિંહ ચાવડા (શેરડી), જીગાભાઈ ડાંગર (રફાળા), જીતેન્દ્ર સિંધુ(જીલાણા), જગદીશ જલુ (રાણકી), જીવાભાઈ રાવલીયા (થાપલા) સુરેશભાઈ બાકુ (મરમઠ), દેવાયતભાઈ જલુ (ભંડારા), વીરાભાઈ ડાંગર (ખોરાસા), નિર્મળભાઈ ચાવડા(ખોરાસા), ધરમભાઈ ડાંગર (ખોરાસા) વિજયભાઈ ચાવડા (ખુભડી), દીલાભાઈ બકુત્રા (ડેરવાણ), આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેમાં અન્ય જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય ૭, તાલુકા પંચાયતના હાલના સભ્ય ૨, તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય ૭, હાલના ગ્રામ પંચાયત સરપંચ ૧૩, ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ ૨૯, સામાજિક ટ્રસ્ટના પ્રમુખો ૧૨, નિવૃત્ત કર્મચારી-૧, સમાજના આગેવાનોમાં પાટીદાર ૭૧, આહીર ૮૦, દલીત ૨૧, મેર ૧, કોળી ૨૨, રબારી સમાજના ૧ અને અન્ય ૨૬ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પોતાનુ વકતવ્ય આપતા જણાવ્યુ હતુ કે આજે જેમના માન સન્માનમાં આપણે અહીંયા એકઠા થયા છીએ તેવા પ્રવિણભાઈ ચાવડાનુ હું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કરૂ છું સાથે સાથે અડીખમ યોધ્ધા જેવા વનરાજભાઈ ચાવડાનુ પણ હું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કરૂ છું. પ્રવિણભાઈ જેવા આગેવાનનુ ભાજપે રાજનીતીમાં કોઈ વજન ન રહેવા દીધુ અને જે ગુંડાઓ છે, તોડબાજો છે, કટકીખોરો છે અને માફીયાઓ છે, એ લોકો આજે મોટા નેતા બની ગયા છે અને સારા માણસો આજે ખુણામાં ધકેલાઈ ગયા છે. માટે આપણે હવે આ રાજનીતી બદલવાની જરૂર છે. આજે ભાજપના કારણે રાજકારણમાં સારા માણસો નથી, તો આપણે ન્યાયની માંગણી કોની પાસેથી કરીશુ, ? આખા ગુજરાતમાં એક જ સિસ્ટમ છે કે જેટલો ખરાબ માણસ એટલો જ ભાજપમાં તેનો મોટો હોદ્દો, આજે પ્રવિણભાઈનો મેસેજ આવ્યો અને મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં આવ્યા એ સાબિતી છે કે તેઓ સમાજના આબરૂદાર માણસ છે. જે નેતાના કાર્યક્રમ માટે સરકારી બસો ન મુકવી પડે એ જ સમાજનો સાચો નેતા હોય છે. આજે હજારો ખેડુતો દુ:ખી છે. પરંતુ તેમની પીડા ગાંધીનગરમાં કોઈને નજર નથી આવતી. તો મનમાં સવાલ થાય છે કે ગાંધીનગરમાં ધૃતરાષ્ટ્ર તો નથી બેસી ગયા ને ? જેને ગામડાના માણસોનુ અને ગરીબ માણસોનુ દુ:ખ અને એમનો નિશાસો ન દેખાય એનુ પતન નિશ્ચિત છે.

# ઝેટકો અને પીજીવીસીએલના ભરતી કૌભાંડમાં તપાસના નામે માત્ર નૌટંકી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં છેલ્લા કેટલાક સમયમાં ઝેટકો અને પીજીવીસીએલની ભરતીમાં થયેલા કૌભાંડની તપાસના નામે માત્ર નૌટંકી કરવામાં આવી હોવાનો આજે રાજકોટ આવેલા વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ કરીને યોજાનારી ઈલેકટ્રીક આસિસ્ટન્ટની ભરતીમાં ગેરરીતીની સંભાવના વ્યકત કરીને તટસ્થ તપાસની માંગણી કરી હતી. આ સાથે તેમણે વીજ તંત્રમાં ચાલતી ગેરરીતી અને ભ્રષ્ટાચારના કેટલાક પુરાવા પણ જાહેર કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે જામનગરમાં એપ્રેન્ટીકસ લાઈન મેનની ૧૨૦ જગ્યા પર ભરતીમાં ૩૫ ખોટા ઉમેદવારો હતા. જેને બદલવા પડયા છે, ગોંડલ, જુનાગઢ અને કચ્છમાં પણ ભરતી કૌભાંડ થયુ છે, પણ તપાસ થઈ



નથી, ઝેટકો પ્લાન્ટ એટેન્ડન્ટ ની ૧૫૭ પોસ્ટનુ સેટઅપ ન હોવા છતાં ભરતી કરવામાં આવી, જે પણ વિરોધ થતા રદ કરવી પડી છે. ઈલેકટ્રીક આસિસ્ટન્ટની ૧૧૮૨ જગ્યા માટે ભરતીમાં લાગવગ થઈ હોવાનુ બહાર લાવતા ફેર પરીક્ષા લેવી પડી હતી.

વધુમાં યુવરાજસિંહ જાડેજાએ કહ્યુ હતુ કે પીજીવીસીએલની ઈલેકટ્રીકલ આસિસ્ટન્ટની ભરતી છે તેમાં પણ ગેરરીતી થવાની પુરી સંભાવના છે. આટલા કૌભાંડો બાદ પણ કાયદાકીય પગલા ભરવાને બદલે માત્ર ખાતાકીય તપાસના નામે બે-ચાર કર્મચારીની બદલી અને સસ્પેન્ડ કરવાનુ નાટક જ ચાલે છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જુનાગઢમાં ખાનગી જીઈબી એન્જીનીયર્સ એસોસીએશનનુ ૨૭ મુ ત્રિવાર્ષિક અધિવેશન ચાલુ થયુ છે. તેમાં અંદાજે રૂપીયા ૨ કરોડનો તાયફો થશે, જે પણ તપાસ માંગી લે એવો છે, અહીં ખાનગી અધિવેશન માટે અધિકારીઓ સરકારી ગાડીઓનો દુરુપયોગ કરી રહ્યા છે.

આ અધિવેશન માટે અલગ અલગ ૨ ફીડરોમાંથી ૨ કિ.મી. લાંબી ૧૧ કિલો વોટની લાઈન નાખવામાં આવી, તો તેની પાછળ થયેલો કરોડો રૂપીયાનો ખર્ચ શું પીજીવીસીએલે વસુલ કર્યો છે કે નહી તેમજ અધિકારીઓ રજા મુકી ગયા છે કે નહી તેવી બાબતોની તપાસ થવી જોઈએ, આ બાબતે આગામી સમયમાં ઉર્જા મંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે.

## રમતગમત દ્વારા રાષ્ટ્રનિર્માણ અને ભાવિ નાગરિકોનું ઘડતર થાય છેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદના કલ્કી તીર્થધામ ખાતે 'ક્રીડા ભારતી'ના રાષ્ટ્રીય અધિવેશનનું સમાપન

અમદાવાદના શ્રી કલ્કી તીર્થધામ, પ્રેરણપીઠ ખાતે આયોજિત 'ક્રીડા ભારતી'ના ત્રિ-દિવસીય પાંચમા રાષ્ટ્રીય અધિવેશનનો સમાપન સમારોહ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે તેમણે સંસ્થાની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું કે ક્રીડા ભારતી માત્ર ખેલાડીઓ જ નહીં, પરંતુ દેશપ્રેમના સંસ્કારો દ્વારા શ્રેષ્ઠ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય કરી રહી છે.

તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા ખેલ મહાકુંભના પરિણામે આજે છેવાડાના ખેલાડીઓને પ્લેટફોર્મ મળ્યું છે. વર્ષ ૨૦૨૫માં આ આયોજનમાં કુલ ૭૩ લાખ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. રાજયના ખેલાડીઓને સ્પોર્ટ્સ ઈન્જરી માટે વિદેશ ન જવું પડે તે હેતુથી ગુજરાતમાં AI અને સંશોધન આધારિત અત્યાધુનિક 'સ્પોર્ટ્સ મેડિસિટી' વિકસાવવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. શ્રી સંઘવીએ કહ્યું કે ગુજરાતે નેશનલ ગેમ્સનું આયોજન માત્ર ૧૦૦ દિવસમાં કર્યું હતું. તાજેતરમાં જ લોકાર્પણ કરવામાં આવેલા અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ અને એશિયન એક્વેટિક્સ જેવી સ્પર્ધાઓનું સફળ આયોજન પણ કરવામાં આવ્યું છે. ત્યારે આગામી સમયમાં યોજાનારી કોમનવેલ્થ ટૂર્નામેન્ટના આયોજન માટે અમદાવાદ-ગુજરાત સજ્જ છે. તેમણે ઉપસ્થિત તમામ ખેલાડીઅને અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની અચૂક મુલાકાત લેવા આમંત્રણ પણ પાઠવ્યું હતું. યુવા શક્તિમાં આત્મવિશ્વાસ, ખેલભાવના અને દેશભક્તિ વિકસાવવા માટે આ પ્રકારના આયોજનો અત્યંત મહત્ત્વના સાબિત થશે તેમ જણાવતાં શ્રી સંઘવીએ કહ્યું કે ગુજરાત પણ નશામુક્ત, સ્વસ્થ અને અનુશાસનબદ્ધ સમાજના નિર્માણ માટેના સંકલ્પ સાથે સતત પ્રયત્નશીલ છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિની પરંપરાગત રમતોને જાળવી રાખવા બદલ ક્રીડા ભારતીના પ્રયાસોને બિરદાવ્યા હતા અને રાજ્ય સરકાર તરફથી તમામ શક્ય સહાયની ખાતરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઓનલાઈન ક્રીડા જ્ઞાન પરીક્ષાના વિજેતાઓને પારિતોષિકના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ શ્રી આલોક કુમારજીએ વ્યાયામ અને રમતગમતને ભારતીય પરંપરાનું અભિન્ન અંગ ગણાવ્યું હતું. અખાડાઓ શારીરિક સજ્જતાનું કેન્દ્ર રહ્યા છે. આ પ્રસંગે મહામંત્રી રાજ ચૌધરીએ ક્રીડા ભારતીના ત્રિદિવસીય અધિવેશનમાં કરવામાં આવેલી ચર્ચાઓ અને પરિસંવાદો વિશે માહિતી આપી હતી. તેમણે આ ત્રણ દિવસ દરમિયાનની ચર્ચાઓ અને સંવાદોનું નવનીત અન્ય કાર્યકર્તાઓ સુધી પહોંચાડીને તેમનો ઉત્સાહ વધારવાનું સૂચન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધ્યક્ષ ગોપાલજી સૈની, મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી ચૈતન્યજી કશ્યપ સહિત વિવિધ પ્રાંતના પદાધિકારીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.